A SHORT

HISTORY & GEOGRAPHY of Sind

(in Gujerati)

FOR

Gujerati Schools in Sind.

By

Umedali Karim M. Munshi.

Head Master Anglo Vernacular School,

UMARKOT.

સિંધનો ઇતિહાસ અને ભૂગોળ.

સિંધ પ્રાંતની ગુજરાતી નિશાળોને સારૂ

રચી પ્રગટ કરનાર

મી. ઉમેદઅલી કરીમમહમદ મુનશી

હેડમાસ્તર એંગ્લો વર્નાક્યુલર સ્કૂલ, ઉમરકોટ.

અમદાવાદ

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રીન્ટીંગ અને જ૦
એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી.

સંવત ૧૯૪૩. સને ૧૮૮૭.

કિંમત ચાર આના.

3019

A SHORT

HISTORY & GEOGRAPHY of Sind

(in Gujerati)

FOR

Gujerati Schools in Sind.

By

Umedali Karim M, Munshi.

Head Master Anglo Vernacular School,

UMARKOT.

સિંધનો ઇતિહાસ અને ભૂગોળ.

સિંધ પ્રાંતની ગુજરાતી નિશાળોને સારૂ

રચી પ્રગટ કરનાર

મી. ઉમેદઅલી કરીમમહમદ મુનશી

હેડમાસ્તર એંગ્લો વર્નાક્યુલર સ્કૂલ, ઉમરકોટ.

અમદાવાદ

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રીન્ટીંગ અને જ૦ એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં રણછોડલાલ ગંગારામે છાપી.

સંવત ૧૯૪૩. સને ૧૮૮૭.

કિંમત ચાર આના.

TO

Dr. T. Pollen, C. S.; L. L. D.

Acting Deputy Commissioner, Thar & Parker,

And

Patron of Oriental Languages.

THIS BOOK,

Is most respectfully dedicated,

AS

A tribute of Respect and Regard,

BY HIS

Most obedient and humble Servant,

U. K. MUNSHI.

PREFACE.

The revision and enlargement of the "History of Sind" in Sindi Language by the Educational Department having created a demand for a similar book in Gujerati for the use of the Gujerati pupils, I have undertaken to supply it. The object of History being to convey true idia of events that have actually occured in *lucid style and simple words*, I have, in the preparation of this little book, avoided high sounding words of classical origin as my long experience as a teacher has convinced me that the young pupils do not undertand them. Only such words, therefore, of Sanskrit, Arabic and Persian origin, as they are quite familiar with, have been given place in this book.

To make the book more useful, I have added a short Geography of the Province. As the Gujerati Students in Sind have not yet got any such book for reference, the addition will, I hope, be welcomed by them. Due attention has also been paid to the recent changes in the Talukas of the Districts.

The existing demand will be fully supplied, with the aid of the energetic teachers, who are requested to make any suggestions they think proper; and these will be gladly received and duly considered in the next edition.

Umarkot, A. V. School,

1st January 1887. U. K. Munshi.

પ્રસ્તાવના.

સિંધી બોલીમાં લખેલા સિંધના ઇતિહાસમાં એજ્યુકેશન ખાતા તરફથી સુધારો અને વધારો થતાં એક નવું ઇતિહાસનું પુસ્તક ગુજરાતીમાં તૈયાર થવાની ખોટ જણાઇ. આ ખોટ પુરી પાડવાના ઇરાદાથી મેં આ નહાની ચોપડી તૈયાર કરીછે. ઇતિહાસનો હેતુ છે, કે બનેલી વાતો ઘણીજ સાદી અને સરળ ભાષામાં સમજાવવી જોઇયે. આ વાતને ટેકો આપીને મેં ઘણા સંસ્કૃત શબ્દો વાપર્યા નથી કારણ કે ઘણાં વર્ષોના અનુભવથી માલમ પડ્યુંછે કે સિંધપ્રાંતના ગુજરાતી વિદ્યાર્થિઓ એવા શબ્દો સમજી શકતા નથી. તે માટે જે સંસ્કૃત, ફારશી, અને અરબી શબ્દો સિંધનાં ગુજરાતીઓમાં હાલચાલ વપરાય છે તેજ શબ્દોને આ ચોપડીમાં જગ્યા આપીછે.

સિંધની ભૂગોળ ગૂજરાતીમાં આજ દિવસ સુધી છપાએલી નહીં; માટે આ પ્રસંગે તે છપાવી બહાર પાડીછે અને તેમ કરતાં જે જીલ્લાના તાલુકાઓમાં થોડી મુદતથી ફેરફાર થયાછે તે ઉપર ધ્યાન આપવામાં આવ્યુંછે.

મતલબકે આ ચોપડી સિંધના ગૂજરાતી વિદ્યાર્થિઓને ઉપયોગી થાય તે માટે મારા તરફથી બનતી કોશિશ થઇ છે. આ ચોપડીમાં કાંઇ સુધારો અથવા વધારો નજરે આવે તો મુજ્ઞ મેહેતાજીઓ મેહેરબાની કરીને મને લખી મોકલવાની તસ્દી લેશે તો બીજી આવૃતિ વખતે તે ઉપર ધ્યાન આપવામાં આવશે. આ ચોપડી જાણી જોઇને પ્રશ્નોત્તર રાખવામાં આવીછે; કારણકે પ્રશ્નોત્તર કરવામાં મેં જુદા જુદા ઠેકાણેથી પ્રશ્નને લગતી બાબતો એક ઠેકાણે સમાવેલી છે. જેથી ઉમેદછે કે વિદ્યાર્થિઓને

મુખ પાઠ કરતાં સુગમ પડશે અને તેઓ સારી રીતે સમજી શકશે.

આ ચોપડીને છપાવી બહાર પાડતાં અત્રેના મુનીસીપલ કમીશનર સાહેબો રા.રા. શેઠ સરૂપચંદ હીરાચંદ, રા. રા. ચત્રભૂજ મનસુખદાસ, અને રા. રા. મેઘરાજ આસનદાસ, એઓએ બનતી મદદ દીધીછે તેથી આ પ્રસંગે મારે તેમનો ઉપકાર માનવો જોઇએ.

ઉમરકોટ, એં૰ વ૦ સ્કુલ.
તા. ૧ જાન્યુઆરી ૧૮૮૭ } ઉ૦ ક૦ મુનશી.

सिंधनो इतिहास.

(प्रश्नोत्तर.)

सिकदरनी पहेलांनो वखत.

સવાલ—સિકંદરની પહેલાં સિંધમાં કયા રાજાની હુકુમત મહાભારતમાં જણાવેલી છે ?

જવાબ—જયદરાથ રાજાની હુકુમત સિંધમાં સિકંદરના પહેલાં હતી. એ રાજાએ પાંડવ અને કૌરવની લડાઇયોમાં કૌરવની મદદે થોડું લશ્કર મોકલ્યું હતું.

સ૦—સિકંદર બાદશાહ જ્યારે સિંધમાં આવ્યો ત્યારે તે દેશ કોની હુકુમત તળે હતો. ?

જ૦—સિકંદર બાદશાહ જ્યારે સિંધમાં આવ્યો ત્યારે એ દેશ એક જણની હુકુમત તળે નહતો. ત્યાંના જુદા જુદા ભાગોમાં જુદા જુદા હાકમો હતા.

૧ શીકારપુરનો સુબો સ્વતંત્ર હતો.

૨ સેવહણ શેહેર નિચેના મુલકમાં જુદો હાકમ હતો.

૩ બિરોહી ટેકરીની ઇસાન તરફના દેશમાં સામબસ નામના શાહજાદાની હુકુમત ચાલતી.

૪ સિંધુ નદીના મુખ સુધી પટાલી લોકની હદ હતી.

સ૦—સિકંદર સિંધમાં શા વાસ્તે આવ્યો હતો ?

જ૦—સિંધુ નદી ઉપર વહાણ ચલાવવાના ઇરાદાથી સિકંદર સિંધમાં આવ્યો હતો.

સ૦—સિકંદરે શા કારણથી સિંધના હાકમો સાથે લડાઈ કરી?

જ૦—સિંધના હાકમોએ સિકંદરને માન ન દીધું તેથી તેણે તેમની સાથે લડાઈ કરી અને બધા હાકમોને હરાવીને પોતાની આણ મનાવી.

સ૦—સિકંદર કયા વરશમાં સિંધમાં આવ્યો?
જ૦—સિકંદર ઈ૦ સ૦ પેહેલાં ૩૨૮ માં સિંધમાં આવ્યો.
સ૦—સિકંદર સિંધમાં કેટલે સુધી આવ્યો અને તેનાં વહાણોને સિંધુ નદી ઉપર કેટલો વખત લાગો?
જ૦—સિકંદર સિંધમાં સિંધુ નદીના મુખ સુધી આવ્યો હતો અને તેના વહાણોને સિંધુ નદી ઉપર નવ મહીના લાગ્યા હતા.

સિકંદરની પછીનો વખત.

સ૦—સિંધનો ઇતિહાસ કયા વખતથી બરાબર મળી આવે છે?
જ૦—અરબ લોકોના વખતથી સિંધનો થોડો અહેવાલ મળી આવેછે.
સ૦—અરબ લોકોના હુમલાથી આગળ સિંધનો શો અહેવાલ મળી આવેછે તે કહો?
જ૦—કેટલાક ઇતિહાસ લખનારાઓ લખેછે કે અરબોના હુમલાથી આગળ સિંધનો મુલક હિંદુ રાજાના હાથમાં હતો અને તેની ગાદીનું શેહેર અરોર (અલોર) હતું.
સ૦—અલોર શેહેર સિંધમાં કઈ જાગ્યોએ હતું?
જ૦—અલોર શેહેર સિંધમાં રોહડી પાસે સિંધુ નદીને કાંઠે હતું. તે શેહેરમાં મહોટી મહોટી ઇમારતો હતી અને શેહેરની ચોતરફ મહોટા બાગો હતા.
સ૦—આ હિંદુ રાજની હદોનું વર્ણન કરો?
જ૦—આ રાજની પૂર્વે કશ્મીર અને કનોજનું શેહેર હતું. પશ્ચિમે મકરાન અને અમાનના દરીયાનો કિનારો, દક્ષિણે સુરત (સુરાશતરા)નું બંદર હતું; અને ઉત્તરે કંદહાર, સીસતાન અને સુલેમાન તથા કઈકાનીઆના પહાડ હતા.

સ૦—આ હિંદુ રાજના કેટલા ભાગ હતા?

જ૦—આ હિંદુ રાજના ચાર ભાગ હતા અને તેઓ જુદા જુદા હાકેમોના તાબામાં હતા.

સ૦—સિંધના હિંદુ રાજાઓના કેટલા વંશોનું વર્ણન મળી આવે છે?

જ૦—અરબોના હુમલાથી આગળ બે હિંદુવંશ થયા. પહેલો રાયવંશ અને બીજો બ્રાહ્મણી વંશ.

સ૦—આ બે હિંદુ વંશો સુધાં જુદી જુદી વખતે બધા મળીને કેટલી જાતના હાકેમોએ સિંધમાં રાજ કર્યું?

જ૦—સિંધમાં આજ સુધી બધા મળીને બાર જાતના હાકેમો થયા.

૧ રાય વંશ.	૫ ગિઝની વંશ.	૯ તરખાન વંશ.
૨ બ્રાહ્મણી વંશ	૬ સુમરા લોકો.	૧૦ કલ્હોડા લોકો.
૩ અરબ લોકો.	૭ સમાં લોકો.	૧૧ ટાલપુર લોકો.
૪ કરમેથિયાના લોકો.	૮ અરગૂન વંશ.	૧૨ અંગ્રેજ લોકો.

१ रायवंश.

(ઈ૦ સ૦ ૪૯૫ થી ૬૩૨ સુધી ૧૩૭ વરસ.)

સ૦—રાય વંશમાં બધા મળીને કેટલા રાજાઓ થયા?

જ૦—રાયવંશમાં બધા મળીને પાંચ રાજાઓ થયા.

૧ રાય દેવાજી.	૪ રાય સહારાસ (બીજો).
૨ રાય સહારાસ.	૫ રાય સહાસી (બીજો).
૩ રાય સહાસી.	

સ૦—રાય વંશમાં બળવાન અને પ્રતાપી રાજા કોણ થયો?

જ૦—રાય દેવાજી, એ વંશમાં ઘણો બળવાન અને પ્રતાપી રાજા થયો.

સ૦—રાયવંશના પાછલા બે રાજાઓનું થોડું વર્ણન કરો?

જ૦—સહારાસ (બીજો) આ વંશનો ચોથો રાજા થયો તે ઈરાનના બાદશાહ નીમરોઝ સાથે કચ્છ અને મકરાન તરફ લુંટ કરવા ગયો હતો, ત્યાં લડાઈમાં માર્યો ગયો અને તેનું લશ્કર હાર ખાઈ અલોર તરફ પાછું આવ્યું.

રાય સહાસી (બીજો) રાયવંશનો પાંચમો રાજા થયો. તેણે રાજ સારી રીતે ચલાવ્યું. તે પોતે મુલકમાં ફરીને તપાસ કરતો હતો અને લશ્કરને બરાબર પગાર દેતો હતો અને રૈયત પાસેથી કર લેતી વખત કીસ્તો કરીને લેતો હતો. એક ઉપર ખરાજ પોતાની રૈયતને તેણે માફ કરી અને તેના બદલામાં તેણે રૈયત પાસેથી અલોર, સેવસ્તાન, ઉચ, મથેલો, માઉ અને સુરીના કિલ્લા તેમને ખરચે તૈયાર કરાવ્યા. તે ઈ૦ સ૦ ૬૩૨ માં મરણ પામ્યો. તેનું કોઈ વારસ નહતું તેથી તેની રાણીએ તજવીજ કરીને તેના વજીર ચચ્ચને હાકેમ બનાવ્યો.

૨ ब्राह्मणीवंश.

(ઈ૦ સ૦ ૬૩૨ થી ૭૧૨ સુધી ૮૦ વરસ.)

સ૦—બ્રાહ્મણીવંશનું નામ શા ઉપરથી પડ્યું?

જ૦—એ વંશનો પેહેલો હાકેમ ચચ્ચ, જાતે બ્રાહ્મણ હતો તેથી તે વંશનું નામ બ્રાહ્મણીવંશ પડ્યું.

સ૦—બ્રાહ્મણીવંશમાં બધા મળીને કેટલા હાકેમો થયા?

જ૦—બ્રાહ્મણીવંશનાં ત્રણ હાકેમો થયા.

૧ ચચ્ચ. ૨ ચંદાર. ૩ ડાહર.

સ૦—ચચ્ચ કોણ હતો?

જ૦—ચચ્ચ એક ભીખારી બ્રાહ્મણ હતો. તેના બાપનું નામ સલાઈજ હતું. સહારાસ (બીજા) ના વજીર રામરા-

પની તેના ઉપરે મેહેરબાની થઈ તેથી તે રાજા પાસે ખાસ ખીજમતગાર થયો. ચચ્ચ બોલવામાં ચાલાક અને હુન્નરમંદ હતો તેથી તેણે રાયની જલદી મેહેરબાની મેળવી અને રામરાય પછી તે વજીર થયો. રાય સહાસી (બીજા) ના મરણ પછી તેણે તેની રાણી સાથે શાદી કરી અને ગાદી ઉપર બેઠો. રાય સહાસી (બીજા) ના સગાઓએ જોધપુર પાસે રાણા મહારાતનાં હાથ નિચે એક મોટું લશ્કર ઉભું કર્યું તેને તેણે હરાવ્યું. તેણે ૪૦ વરસ રાજ કર્યું.

સ૦—ચંદાર કોણ હતો અને તેણે કેટલા વરસ રાજ કર્યું ?

જ૦—ચંદાર રાજા ચચ્ચનો ભાઈ હતો. તેણે ગૌતમબોધ ધરમનું પાલન કર્યું અને મહોટાં મહોટાં મંદીરો બાંધ્યાં. તે ૭ વરસ રાજ કરીને મરણ પામ્યો.

સ૦—ચંદારના મરણ પછી કોણ ગાદીએ બેઠું ?

જ૦—ચંદારના મરણ પછી ચચ્ચનો દીકરો ડાહર સિંધનો હાકેમ થયો.

સ૦—ડાહરના વખતમાં જાણવા જોગ બીના શી થઈ ?

જ૦—ડાહરનાં વખતમાં ઈ. સ. ૭૧૧ માં અરબલોકોએ સિંધ ઉપર ચઢાઈ કરી.

સ૦—અરબલોકોની ચડાઈનું કારણ કહો ?

જ૦—અરબલોકોની ચઢાઈનું કારણ એ હતું કે સિંહલદ્વીપના રાજાએ બગદાદના ખલીફા વલીદ જે બની ઉમયહ વંશનો હતો તેને કાંઈ નજરાણો મોકલ્યો હતો. એ નજરાણો જે વહાણમાં હતો તે વહાણ રસ્તામાં દેવલ બંદર પાસે ચોર લોકોએ લુંટી લીધું અને કેટલાએક માણસોને મારી નાખ્યા અને બીજાઓને કેદ કર્યા. એ બાબત બગદાદના ખલીફે સિંધના હાકેમ ડાહર

સાથે લખાણ કર્યું પણ બરાબર જવાબ મળ્યો નહીં તેથી વેર લેવાને મહમદ બીન કાસમને ૭ હજાર માણસો સાથે સિંધમાં મોકલ્યો.

બીજુ કારણ—અરબલોકોની ચઢાઇનું કારણ કેટલાક ઇતિહાસ જાણનાર એમ પણ કહેછે કે ખલીફા અબદલ મલગે પોતાના વાસ્તે ખુબસુરત સ્ત્રીઓ અને બીજી ચીજો ખરીદ કરવાને કેટલાક વેપારીઓ મોકલ્યા હતા તેમની સાથે સિંધના માણસોએ ખરાબ વર્તણુક કરી. તે વેપારીઓ પોતાનો સામાન ભેળો કરીને દેવલ બંદરને રસ્તે પાછા ફર્યા હતા; તેવામાં ચોરોએ તેમના ઉપર હુમલો કરી ઘણા માણસોને મારી નાખ્યા અને બાકીનાઓને કેદ કર્યા અને માલ સરવે લુંટી લીધો. આ વેપારીઓમાંથી થોડા જે નાસી છુટ્યા તેમણે ખલીફાને આ વાત જાહેર કરી તેથી ખલીફે સિંધ ઉપર હુમલો કરવા લશ્કર તૈયાર કર્યું પણ તે જલદી મરણ પામ્યો અને પોતાના છોકરાને આનું વેર લેવાને કહી ગયો.

સ૦—મહમદ બીન કાસમની સિંધ ઉપરની ચઢાઇનું વર્ણન કરો?

જ૦—મહમદ બીન કાસમ ચઢાઈ કરવા સારૂ ઈ૦ સ૦ ૭૧૧ માં સીરાજથી નિકળ્યો અને દેવલબંદર પાસે ઈ૦ સ૦ ૭૧૨ ની શરૂઆતમાં આવી પોહોચ્યો. તણે તે શેહેર લીધું અને મુસલમાન કેદીઓને છોડાવ્યા.

સ૦—દેવલબંદર કયાં હતું?

જ૦—કેટલાક કહેછે જે કરાચી પાસે મનોડો છે તેને આગળ દેવલબંદર કહેતા હતા. બીજા કહેછે કે દેવલબંદર ઠઠાની પાસે હતું.

૩ અરબ લોકો.

(ઈ૦ સ૦ ૭૧૨ થી ૯૮૫ સુધી ૨૭૩ વરશ.)

સ૦—દેવલબંદર લીધા પછી મહમદ બીન કાસમ કયાં ગયો?

જ૦—દેવલબંદર લીધા પછી મહમદ બીન કાસમે અલોર ઉપર ચઢાઈ કરી.

સ૦—અલોરનું શેહેર લેતાં પહેલાં મહમદ બીન કાસમને કેટલી લડાઇઓ કરવી પડી?

જ૦—મહમદ બીન કાસમે ચાર લડાઇઓ હિંદુઓ સાથે કરી. તેમાંથી પહેલી બે લડાઇઓમાં હિંદુઓ જીત્યા. ત્રીજી લડાઈમાં હિંદુઓની હાર થઈ. પછી તેણે સેવસ્તાન તરફ સેવહણના કિલ્લા ઉપર ચઢાઈ કરી અને તે પોતાના હાથમાં લીધો. પછી તે નીરાનકોટ એટલે હૈદ્રાબાદ તરફ પાછો ફર્યો અને અલોર તરફ ચાલ્યો. આખર ઈ૦ સ૦ ૭૧૨ માં અલોર પાસે મહોટી લડાઈ થઈ; જે ચોથી અને છેલી લડાઈ હતી. તે લડાઇમાં રાજા ડાહર માર્યો ગયો અને અલોરનું શેહેર મુસલમાનોના હાથમાં આવ્યું અને તે લોકો સિંધના હાકેમ થયા.

સ૦—અલોર લીધા પછી મહમદ બીન કાસમે શું કર્યું?

જ૦—મહમદ બીન કાસમે અલોરનું શેહેર લુંટાવ્યું અને રાજા ડાહરની બે દીકરીઓને કેદ કરીને લુંટની મીલકત સમેત ખલીફા વલીદને મોકલી દીધી.

સ૦—મહમદ બીન કાસમ શી રીતે માર્યો ગયો?

જ૦—રાજા ડાહરની દીકરીઓ જ્યારે ખલીફા વલીદ પાસે ગઇઓ ત્યારે પોતાના બાપનું વેર લેવાને તેમણે એક જુઠું તહોમત આબરૂ લીધાનું મહમદ બીન કાસમ ઉપર મુકયું તેથી ખલીફે ગુસે થઇને મહમદ બીન કા-

સમને બોલાવીને મરાવી નાખ્યો; કારણ કે તેમનો એવો દસ્તુર હતો કે લડાઇમાં ખુબસુરત સ્ત્રિઓ કેદી થાય તેમને પોતાના હરમ એટલે જનાનખાનામાં દાખલ કરતા હતા; માટે કોઈ સરદાર તે સ્ત્રીઓ સાથે બે અદબી રીતે ચાલતો હતો તો તેને સખ્ત રીતે મોતની સજા દેતા હતા.

સ૦—મહમદ બીન કાસમને કેવી રીતે મારવાનો હુકમ થયો?

જ૦—મહમદ બીન કાસમને ગાયના ચામડામાં સીવડાવી મુક્યો તેમાં ત્રીજે દીવશે તે ભુખ અને તરસથી મરી ગયો. (ઈ૦ સ૦ ૭૧૭)

સ૦—મહમદ બીન કાસમ ઉપર આ તોહમત ખોટું હતું, એવી ખબર ખલીફાને પડી કે નહીં?

જ૦—આ ખોટા તોહમતની ખબર ખલીફાને જલદી પડી અને મહમદ બીન કાસમ નાહક માર્યો ગયો તેથી તેને ઘણીજ દીલગીરી થઈ. તેણે રાજા ડાહરની દીકરીઓને ઘોડાનાં પુંછડામાં ચોટલા બંધાવી બગદાદના શહેરની ગલીઓમાં દોડાવીને મરાવી નાખીઓ.

સ૦—મહમદ બીન કાસમના મરણ વિશે કંઇ મતભેદ છે?

જ૦—મહમદ બીન કાસમના મરણ બાબત કેટલાક કહેછે કે રાજા ડાહરની દીકરીઓ વિશેની વાત જુઠી છે. મહમદ બીન કાસમને ખલીફા સુલેમાને મરાવી નાખ્યો હતો.

સ૦—મહમદ બીન કાસમ પછી ખલીફા તરફથી સિંધમાં કોણ હાકેમ થયો?

જ૦—મહમદ બીન કાસમ પછી યઝીદ મુકરર થયો પણ તે તરતજ મરણ પામ્યો. પછી ડાહરના દીકરાએ બરહમનઆબાદ અને બીજા મુલક અરબો પાસેથી પાછા

જીતી લીધા તેથી તેની સાથે લડાઈ કરવાને બગદા-
દથી હબીબ નામે સિંધનો હાકેમ મુકરર થઈ આવ્યો.

સ૦—બગદાદના ખલીફા ઉમરના દીવસમાં સિંધમાં કેવો
બંદોબસ્ત હતો?

જ૦—જ્યારે ખલીફો ઉમર બગદાદમાં હાકેમ થયો ત્યારે
તેણે સિંધમાં એક જાહેરનામું ફેરવ્યું, જેમાં જણાવ્યું
કે જે કોઈ મુસલમાન થશે તેને મુસલમાનોને મળતા
હકો આપવામાં આવશે. આ ઉપરથી રાજા ડાહેરના
છોકરાઓ તથા બીજા ઘણા માણસો મુસલમાન થયા.

સ૦—બગદાદના ખલીફાઓમાં ઈ૦ સ૦ ૭૫૦ માં કેવો
ફેરફાર થયો?

જ૦—બની ઉમીયહના વંશવાળાઓ પાસેથી બગદાદની
હુકુમત ગઈ અને તે અબાસ વંશ વાળાઓના હા-
થમાં આવી. (ઈ૦ સ૦ ૭૫૦)

સ૦—બશીર બીન દાઉદ કોણ હતો?

જ૦—ઈ૦ સ૦ ૮૧૩ માં બશીર બીન દાઉદ બગદાદના
ખલીફાના તરફથી સિંધનો હાકેમ હતો. તેણે સ્વતંત્ર
થવા સારૂ દંગો મચાવ્યો પણ પછી માફીની ઉમેદથી
તે તાબે થયો.

સ૦—બગદાદમાં અબાસ વંશમાં ઘણોજ પ્રતાપી ખલીફો
કોણ થયો?

જ૦—હારૂન અલરશીદ મહોટો નામાંકિત અને જોરવાળો
બગદાદનો ખલીફો અબાસ વંશમાં થયો.

સ૦—શેખ તુરાબઅલી કોણ હતો?

જ૦—શેખ તુરાબઅલીને ઈ૦ સ૦ ૭૫૦ માં બગદાદના
ખલીફા હારૂન અલરશીદે સિંધનો હાકેમ કરીને મોક-
લ્યો હતો. તેણે સિંધનું રાજ્ય ઘણું વધાર્યું. તે ઈ૦

સ૦ ૭૯૭ માં મરણ પામ્યો. તેની કબર ઠઠા પાસે હજી જોવામાં આવે છે.

સ૦—અરબોના વખતમાં સિંધની ગાદીનું શેહેર કયું હતું ?

જ૦—અરબોના વખતમાં સિંધની ગાદીનું શેહેર મનસરા હતું.

સ૦—યાકુબ લુઈઝ કોણ હતો ?

જ૦—ખલીફા મોઅતમદના વખતમાં ઈ૦ સ૦ ૮૭૧ માં યાકુબ લુઈઝ સિંધનો નવાબ મુકરર થયો. તે ઈ૦ સ૦ ૮૭૯ માં મરણ પામ્યો અને તેના મરણ પછી સિંધની હુકુમતના બે ભાગ થયા. એક ભાગની ગાદી મનસરામાં થઈ અને બીજા ભાગની ગાદી મુલતાનમાં થઈ. મનસરામાં હબારી વંશના હાકેમો થયા જેને અમીર અથવા મલક કરીને કહેતા હતા.

સ૦—અરબ લોકોની પડતી થઈ તેનાં કારણ કહો ?

જ૦—અરબ હાકેમોને સિંધમાં પેદાશ ઓછી હતી તેથી તેઓ દુબળી હાલતમાં હતા અને તેમની ઉપર ફોજ લઈ આવનારની સામે થવાનું તેમનામાં જોર નહતું. બીજું અરબી અમલદારો લુટફાટ તથા જુલમ કરવા લાગ્યા.

સ૦—અરબલોકો સિંધમાંથી શી રીતે ગયા.

જ૦—અરબલોકોને કરમેશિયાના લોકોએ સિંધમાંથી કાઢી મુકયા.

સ૦—અરબ લોકોની હુકુમત નિચે સિંધની કેવી હાલત હતી?

જ૦—અરબોની હુકુમત નિચે સિંધ ઘણી સારી હાલતમાં હોય એમ લાગતું નથી.

(૧) આ વખતમાં શરૂઆતમાં મુલકી તથા હિસાબી કામ દેશી માણસોના હાથમાં રહ્યાં.

(૨) અરબલોકો દેશી માણસોની ફોજો ઉભી કરી

બીજા મુલકોમાં લડાઇઓ વાસ્તે મોકલતા હતા.

(૩) અરબોના હાકેમોને લુટફાટ સિવાય બીજા કોઈ કામની ખબર નહોતી.

(૪) અસલ ફતેહ કરનાર અરબોને સરવે તકલીફો માફ હતી અને સરવે કરો જે દેશીયો પાસેથી લેવામાં આવતા હતા તે પણ માફ હતા. તેઓને જાગીરો ઇનામ હતી. એવી શરતોથી કે તેઓ હમેશ લડાઇના વખતમાં કામ લાગે.

(૫) અરબોના વખતમાં સિંધની રૈયત ઉપર ધરમ સંબંધી ઘણું જોર તો નહોતું પણ જ્યાં જ્યાં મુસલમાનોને તક લાગતી ત્યાં ત્યાં તેઓ પોતાના ધરમનો જુલમ કરતા. જેવી રીતે કે દેવલ બંદરમાં તેઓએ હિંદુઓનાં ટિકાણાં ભાગી મસીદો ઉભી કરી, નેઅરકોટમાં પણ એવોજ બનાવ બન્યો અને અલોરમાં માણસો ઉપર ઘણો ભારે કર નાખવામાં આવ્યો.

સ૦—મુસલમાન હાકેમોના વખતમાં સિંધમાં પેદાશના મોહોટા કેટલા રસ્તા હતા?

જ૦—ત્રણ રસ્તા હતા.

૧ જમીન ઉપર કર.

૨ ફી આસામી કર.

૩ ગમરગ એટલે બંદર ઉપર જે માલ આવે તેના ઉપર જકાત.

સ૦—આ પેદાશ કેવી રીતે વસુલ કરવામાં આવતી?

જ૦—ખલીફાઓના તરફથી સિંધમાં હુકમ ચલાવનાર અરબલોકો ખરૂં જોતાં મકાતેદાર અથવા કન્ટ્રાકટરો હતા. તેઓ મુકરર પૈશા કબુલ કરી સિંધનો ઠેકો એ-

ટલે કંટરાટ ઉપાડતા અને તે રકમ ખલીફાઓને આપતા અને સિંધમાંથી વસુલ કરતા.

સ૦—ફી આસામી કેવી રીતે લેવાતી ?

જ૦—ફી આસામી મુસલમાનોના સિવાય બીજા સર્વ પાસેથી લેવામાં આવતી. ખલીફા ઉમર (પેહેલા) ના દિવસમાં દર વરશે જમીનદાર અને માલદાર માણસ દીઠ ૪૮ દ્રમ ફી આશામી હતી. મજુરો પાસેથી ૧૨ દ્રમ અને મધ્યમ સ્થીતિવાળા પાસેથી ૨૪ દ્રમ લેતા. સ્ત્રીઓ તથા બાળકો જે કમાઈ કરી શકતા નહીં તેમના ઉપર ફી આસામી નહોતી.

સ૦—ઉમર (બીજા) ના દિવસમાં ફી આસામી શી રીતે વસુલ થતી ?

જ૦—હર કોઈ માણસની પેદાશ ઉપર હિસાબ કરવામાં આવતો એટલે તે વરસમાં જેટલું કમાતો તેમાંથી તેનું ખરચ બાદ કરી બાકી ફી આસામીના પૈસા મુકરેર કરતા.

સ૦—આ ફી આસામી મુસલમાનો પાસેથી લેવાતી ?

જ૦—ફી આસામી મુસલમાનો પાસેથી લેવામાં આવતી નહોતી.

સ૦—અરબોના વખતમાં સિંધનો વેપાર કેવો હતો ?

જ૦—અરબોના વખતમાં કાફલાઓની મદદથી ખુરાસાન, ઝાબલસ્તાન અને સજસ્તાનથી કંદહાર તથા ગીજનીને રસ્તે વેપારનો બંદોબસ્ત હતો. સમુદ્રને રસ્તે પણ વેપાર ચાલતો. જેવી રીતે કે જે સામાન સિંધમાંથી તુરકસ્તાન અને ખુરાસાન જતો તે ઘણું કરીને સિંધમાં ચીન, સીલોન અને મલબારથી સમુદ્રને રસ્તે આવતો. મલ-

બારથી સિંધમાં ઇમારતોનાં લાકડાં સિંધુનદી ઉપરનાં વહાણો બાંધવા સારૂ લાવતા. બીજું અરબસ્તાનમાંથી ઘોડા વેચવા સારૂ સિંધમાં લાવતા.

સ૦—અરબલોકોના વખતમાં ઇનસાફનો કેવો દસ્તુર હતો?

જ૦—બે મુસલમાનોના વચમાં તકરાર થતો અથવા એક મુસલમાન અને બીજા હિંદુના વચમાં તકરાર થતો તેનો ઇનસાફ કાજી કરતો. હિંદુઓના તકરારોનો ફેંસલો તેમની પંચાત કરતી. કેટલીક જાતોને સારાં લુગડાં પહેરવા અને ઘોડા ઉપર બેસવાની મના હતી અને પગમાં જોડા પહેરવા પણ દેતા નહીં. ઉમરના દહાડામાં દેશીઓને એવો હુકમ હતો કે મુસલમાન મુસાફરને ત્રણ દીવસ અને રાત્રીઓ મેહેમાની કરવી.

૪ કરમેશિયાના લોકો.

સ૦—કરમેશિયાના લોકો કોણ હતા ?

જ૦—કરમેશિયાના લોકોમાં જાત જાતના માણસો હતા. કેટલાએક માણસો મુસલમાની દીનથી ફરેલા, અને બીજા અરબ તથા બીજી જાતના લોકો હતા. જ્યારે પોતાના મુલકમાં જોર ઓછું થયું ત્યારે તેઓ સિંધની હુકુમત નબળી જોઈ સિંધમાં આવ્યા.

સ૦—કરમેશિયાના લોકોએ સિંધમાં કેટલા વરસ રાજ કર્યું ?

જ૦—કરમેશિયાના લોકોએ સિંધમાં ઈ૦ સ૦ ૯૮૫ થી ૧૦૨૪-૨૫ સુધી ૪૦ વરસ રાજ કર્યું.

સ૦—કરમેશિયાના લોકો પાસેથી સિંધનું રાજ કોણે લીધું?

જ૦—કરમેશિયાના લોકો પાસેથી સિંધ મહમદ ગીજનવીએ ફતેહ કરી.

૫ ગીઝની વંશ.

(ઈ૦ સ૦ ૧૦૨૫ થી ૧૦૫૨ સુધી ૨૬ વરસ.)

સ૦—સિંધનું રાજ લેવાને મહમદ ગીજનવીનો કયો સરદાર આવ્યો ?

જ૦—મહમદ ગીજનવીએ પોતાના વજીર અબદલ રઝાકને સિંધ લેવાને ઈ૦ સ૦ ૧૦૨૫ માં મોકલ્યો. અબદલ રઝાકે સેવહણ તથા ઠઠાનાં શેહેરો ફતેહ કર્યા અને સિંધ મુલક હાથમાં લીધો.

સ૦—ગીજની વંશના હાથમાંથી સિંધ શી રીતે ગયું ?

જ૦—અબદલ રશીદ જ્યારે ગીજનીનો હાકિમ થયો ત્યારે રાજનો પુરો બંદોબસ્ત નહતો. આવું અંધેર જોઇને સિંધમાં સુમરા લોકોએ જોર કર્યું અને તાબેદારી છોડી દીધી. સુમરા લોકોએ પોતાની જાતના એક અબન સુમાર નામના માણસને પોતાનો સરદાર બનાવ્યો. (ઈ૦ સ૦ ૧૦૫૧)

સ૦—અબન સુમાર કોણ હતો ?

જ૦—ઈ૦ સ૦ ૧૦૩૨ માં અબન સુમાર મુલતાનનો હાકિમ હતો તેણે પોતાને સુમરાઓના વંશનો સમજી સિંધમાં સુમરા લોકોના રાજનો પાયો નાખ્યો. ઈ૦ સ૦ (૧૦૫૧ માં)

૬ સુમરા લોકો.

(ઈ૦ સ૦ ૧૦૫૨ થી ૧૩૫૨ સુધી ૩૦૦ વરસ.)

સ૦—સુમરા લોકો કોણ હતા !

જ૦—સુમરા લોકો અસલ હિંદુ રજપુત હતા. ગીજનીના હાકિમનું જોર થોડું દેખી તેઓ ખુદ મુખત્યાર થયા

અને સિંધના હાકેમ થયા. તેમના રાજની ગાદી ડડામાં હતી. તેઓ પહેલવાન અને શૂરવીરો હતા.

સ૦—અમન સુમાર પછી કોણ ગાદીએ બેઠું ?

જ૦—અમન સુમાર પછી તેનો દીકરો દોદો ગાદીએ બેઠો. દોદો બહાદુર અને શૂરો હતો. તેણે પોતાની હુકુમત નસરપુર સુધી વધારી,

સ૦—દોદા પછી કોણ ગાદીએ બેઠું ?

જ૦—દોદા પછી જે હાકેમો થયા તેઓમાં પ્રખ્યાત ખફીફ સિવાય બીજો કોઈ થયો નથી.

સ૦—ખફીફ વિષે થોડી વિગત કહો ?

જ૦—ખફીફ સુમરા લોકોમાં પહેલવાન અને શૂરો હાકેમ થઈ ગયો. એણે સરહદ ઉપરના બલોચ, સોઢા અને જાડેજાના હુમલાઓને બહાદુરીથી રોકયા અને તે લોકોને જીત્યા.

સ૦—સુમરાઓનું જોર કયા હાકેમોના દીવસમાં વધારે હતું ?

જ૦—સુમરા લોકોના હાકમ દોદો અને ખફીફના વખતમાં તે લોકોનું ઘણું જોર હતું. તે વખતમાં કચ્છ, સિંધને તાબે થયું અને સોઢા લોકો પાસેથી ઉમરકોટ તે લોકોના હાથમાં આવ્યું અને સિંધની સરહદ કચ્છથી તે નસરપુર સુધી કાયમ થઈ.

સ૦—સુમરા લોકોનું રાજ શી રીતે ગયું ?

જ૦—સુમરા લોકોનો છેલો હાકેમ હમીર સુમરો બહુ જુલમ કરવા માંડ્યો તેથી સમા લોકો તેની સામે થયા અને તેને મારી નાખી પોતાના સરદાર જામ ઉનડને ગાદીએ બેસાડ્યો (ઈ૦ સ૦ ૧૩૫૧ માં.)

૭ સમા લોકો.

(ઇ૦ સ૦ ૧૩૫૧ થી ૧૫૨૧ સુધી, ૧૭૦ વરસ.)

સ૦—સમા લોકો કોણ હતા?

જ૦—સમા લોકો અસલ કચ્છથી આવી સિંધમાં રહ્યા હતા. હજી પણ કચ્છમાં સમેજા તથા જાડેજા લોકો છે તેઓ સમા લોકોના વંશના છે. સમા લોકો સિંધમાં મહમદ કાસમના વખતથી હતા કારણ કે સામબા નામે સરદાર જે દેબાલમાં ચચની વતી હુકુમત કરતો હતો, તે જાતનો સમો હતો. સમાલોકો અસલ હિંદુ રજપુત હતા પણ ઇ૦ સ૦ ૧૩૯૧ માં તેઓ મુસલમાન થયા. તેમના રાજની ગાદીનું શેહેર સમા નગર હતું જે શેહેર આગળ સિંધુ નદીના કાંઠે હાલનાં સેવહરણ શેહેરની જગ્યાએ હતું. પછીથી આ લોકોના રાજની ગાદીનું શેહેર ઠઠા થયું. આ લોકોના હાકેમોને જામ કરીને કેહેતા હતા.

સ૦—સમા વંશના બધા મળીને કેટલા હાકેમો થયા?

જ૦—સમા વંશના સર્વે મળીને ૧૭ હાકેમો થયા.

૧ જામ ઉનડ.	૨ જામ જોનાહ.
૩ જામ તમાચી.	૪ જામ ખેરૂદીન.
૫ બાબુનીયા.	૬ જામ તમાશી.
૭ જામ સલાહદીન.	૮ જામ નીજામુદીન.
૯ અલીશેર.	૧૦ કારાન.
૧૧ જામ ફતેહખાંન.	૧૨ તગલખશાહ.
૧૩ સિકંદર.	૧૪ રૈદહાન.
૧૫ સાંજર.	૧૬ નીજામુદીન બીજો.
૧૭ જામ ફીરોજ.	

સ૦—જામ ઉનડ કોણ હતો?

જ૦—જામ ઉનડ સમા વંશનો પહેલો હાકેમ હતો. તેણે ૩ વરસ રાજ કર્યું. એમ માલમ થાયછે કે તેના વખતમાં આખો સિંધનો મુલક તેના હાથમાં નહતો. બખર અને તેની આસપાસનો મુલક તુરકોના હાથમાં હતો; જેમની વતી મલક ફીરોજ તથા અલીશાહ હાકેમો હતા.

સ૦—જામ ઉનડ પછી કોણ ગાદીએ બેઠું અને તેના વખતમાં શું થયું?

જ૦—જામ ઉનડ પછી જોનાહ થયો તેણે બખરનું શેહેર તુરકો પાસેથી લીધું.

સ૦—જોનાહ પછી કોણ થયું અને તેના વખતમાં શો બનાવ બન્યો?

જ૦—જોનાહ પછી જામ ઉનડનો દીકરો, જામ તમાચી થયો. તમાચીના વખતમાં દીલીના બાદશાહના લશકરે જોરથી બખરનો કિલ્લો કબજે કર્યો અને જામ તમાચીને કુટંબ સુધાં કેદ કરી દીલ્લી લઈ ગયા; ત્યાં તે મરી ગયો.

સ૦—જામ તમાચી પછી કોણ હાકેમ થયો?

જ૦—જામ તમાચી પછી તેનો દીકરો જામ ખેરૂદીન ગાદીએ બેઠો.

સ૦—જામ ખેરૂદીન પછી કોણ હાકેમ થયો અને તેના વખતમાં શું થયું?

જ૦—જામ ખેરૂદીન પછી બાબુનીયા થયો. તેની હકુમતના દિવસમાં ફીરોજ તગલખ જે દીલ્લીનો બાદશાહ હતો તેણે સિંધ ઉપર ચડાઈ કરી (ઈ૦ સ૦ ૧૩૭૨) અને સિંધનો હાકેમ તેને તાબે થયો.

સ૦—બાબુનીયા પછી કોણ ગાદીએ બેઠું?

જ૦—બાબુનીયા પછી તેનો ભાઈ તમાચી ગાદીએ બેઠો.

સ૦—તમાચી પછી કોણ હાકેમ થયો અને તેના દિવસ-
માં શું થયું ?

જ૦—તમાચી પછી જામ સલાહદીન ગાદીએ બેઠો. તેણે
એક હુમલો કચ્છ ઉપર કર્યો; જેમાં તે જીત્યો અને ત્યાંથી
ઘણી લુંટ લઈ આવ્યો.

સ૦—જામ સલાહદીન પછી કેટલા હાકેમ સમા વંશના થયા
અને તેમના દિવસમાં કેવી જાણવાજોગ વાત છે ?

જ૦—જામ સલાહદીન પછી સમા વંશના ૧૦ હાકેમો થયા.
તેમના દિવસમાં કાંઈ જાણવાજોગ વાત બની નથી.

સ૦—સમા લોકોના રાજમાં કોણે ચડાઈ કરી અને તેનું
પરિણામ શું થયું ?

જ૦—સમા વંશના જામ નીજામુદીનના દિવસમાં શાહબેગ
અરગુનના લશકરે કંદહારથી આવી ચાંડુખા અને
સબીજા નામે ગામો ઉપર હુમલો કર્યો પણ જામના લ-
શકરે તેમને હરાવ્યા.

સ૦—સમા લોકોના હાથમાંથી આખર રાજ કેમ ગયું ?

જ૦—અરગુન વંશના શાહબેગ નામે સરદારે સમા લોકોના
છેલા હાકેમ જામ ફીરોજને નસાડી મુકીને પોતે ઈ૦
સ૦ ૧૫૨૦ માં હાકેમ થયો.

૮ अरगून वंश.

(ઈ૦ સ૦ ૧૫૨૧ થી ૧૫૫૪ સુધી, ૩૩ વરસ.)

સ૦—અરગૂન વંશનું નામ શા ઉપરથી પડયું ?

જ૦—અરગૂનખાંન ઉપરથી પડયું. અરગૂનખાંન જંગીસ-
ખાનના વંશનો હતો.

સ૦—શાહબેગ કોણ હતો ? તેના રાજની થોડી વિગત કહો ?

જ૦—શાહબેગ અરગૂન વંશનો પેહેલો હાકેમ સિંધમાં થયો.
તે પેહેલાં ખુરાસાનનો હાકેમ હતો, ત્યાંથી બાબર બા-

દશાહે તેને હરાવી કાઢી મુક્યો હતો તે સિંધમાં આવી થોડા દિવસ લુટફાટનો ધંધો કરતો હતો. આખર તેણે ઠઠા ઉપર ઈ૦ સ૦ ૧૫૨૦ માં હુમલો કર્યો, જે સમા લોકોના રાજની ગાદીનું શેહેર હતું અને તે વખતના હાકેમ જામ ફીરોજને તેણે હરાવ્યો અને ઠઠાનું શેહેર લુંટાવ્યું. થોડા દિવસ પછી જામ ફિરોજ અને શાહબેગ અરગુનના વચમાં સલાહનામું થયું; જેના શરત મુજબ સિંધના મુલક સખરથી તે ઠઠા સુધી જામના હાથમાં રહ્યો અને લકીના ઉત્તર તરફનો મુલક શાહબેગ અરગુનને મળ્યો; પણ આ સલાહનામું સમા લોકોને પસંદ પડ્યું નહીં તેથી શાહબેગ અરગૂન અને જામ ફીરોજ વચ્ચે વળી દુશમની થઈ અને ઈ૦ સ૦ ૧૫૨૧ માં રલટી ગામ પાસે એક મહોટી લડાઈ થઈ જેમાં સમા લોકોની હાર થઈ અને શાહબેગ અરગૂન સિંધના માલિક થયો.

શાહબેગ અરગૂને સેવહણનું શેહેર જીત્યું અને ભખરનો કિલ્લો હાથ કર્યો, જ્યાં તેણે પોતાનું રેહેઠાણ કર્યું અને ભખરના સૈયદોને કિલ્લામાંથી જવાની રજા આપી, રોહડી શેહેરમાં જમીનો તેમને ઘર બાંધવાને આપી. શાહબેગે અલોરનો કિલ્લો તોડાવી નાખ્યો અને ત્યાંના પાકી ઈંટો ભખરના કિલ્લામાં ચણાવી. તેણે ગુજરાત લેવાનો ઇરાદો ઈ૦ સ૦ ૧૫૨૨ માં કર્યો પણ તે તરતજ મરણ પામ્યો. શાહબેગ લડાઇમાં શૂરો હતો અને મુસલમાની ધરમના કીતાબ હદીસ તથા ફકીયહના ઇલમમાં સારો વાકેફ હતો.

સ૦—શાહબેગ પછી કોણ ગાદીએ બેઠું અને તેના રાજની થોડી વિગત કહો?

જ૦—શાહબેગ પછી તેનો મોટો દીકરો મીરજાં શાહહુસેન

સિંધનો હાકેમ થયો. ગાદી ઉપર બેઠા પછી તે તરતજ ઠઠા તરફ રેવાના થયો, ત્યાં જામ ફીરોજ લશ્કર ભેગું કરીને લડાઇની તૈયારી કરતો હતો. જ્યારે તે ઠઠા પાસે ગયો ત્યારે જામ ફીરોજ સામો થયો પણ મીરજાં શાહહુસેને તેને હરાવ્યો અને ગુજરાત તરફ નાસી જવાની જરૂર પાડી.

મીરજાં શાહહુસેને અબારી નામના માછી અને હાર-નની જાતો અને માથેલાનાં મહારસ નામે જાતનાં માણસોને હમેશ ફીસાદ કરવાના સબબથી સખ્ત સજા કરી. મીરજાં શાહહુસેને ઈ૰ સ૰ ૧૫૨૬ માં મુલતાન તથા અચ શહેરો લીધાં અને લુંટાવ્યાં. તેણે દીલાવરનો કીલ્લો તાબે કર્યો. તેણે કચ્છ તરફ જઈ કાંગર નામે એક સરદાર જે લડાઈ કરવાની તૈયારી કરતો હતો તેને હરાવ્યો. મીરજાં શાહહુસેનના દિવસમાં દિલ્લીના હુમાયુન બાદશાહને શીરશાહ નામે પઠાણે ગાદી ઉપરથી ઈ૰ સ૰ ૧૫૪૦ માં ઉઠાડી મુકયો તેથી હુમાયુનને સિંધમાં ત્રણ વરસ સુધી આશ્રો લેવો પડયો. આ વખતમાં ઉમરકોટ પાસે હુમાયુનનો દિકરો અકબર બાદશાહ જનમ્યો (ઈ૰ સ૰ ૧૮૪૨ માં.) હુમાયુન બાદશાહે સિંધમાં ભખ્ખરનો કિલ્લો લેવાની કોશેશ કરી પણ હાર્યો અને જોધપુર તરફ જવું પડયું. હુમાયુને ઈ૰ સ૰ ૧૫૪૨ માં વળી સિંધ લેવાની કોશેશ કરી પણ તેમાં તે પારે પડયો નહી.

મીરજાં શાહહુસેનના દિવસમાં ઘણા વિદ્વાનો થયા અને તે પોતે પણ હુશીયાર માણસ હતો. તે ઈ૰ સ૰ ૧૫૫૪ માં મરણ પામ્યો.

સ૰—અરગૂન વંશનો છેડો શી રીતે આવ્યો?

જ૰—અરગૂન વંશના છેલા હાકેમ મીરજાં શાહહુસેનનું કોઈ વારસ નહોતું તેથી તેના બે સરદાર મીરજાં ઇસા

અને સુલતાનમહમદ રાજના માલેક થયા. મીરજાં ઇસા તરખાન વંશનો હતો.

૯ तरखान वंश.

(ઈ૦ સ૦ ૧૫૫૪ થી ૧૭૩૬ સુધી, ૧૮૨ વરસ.)

સ૦—મીરજાં શાહહુસેનના મરણ પછી સિંધના શા હાલ થયા?

જ૦—મીરજાં શાહહુસેનના મરણ પછી સિંધના બે ભાગ થયા. મીરજાં ઇસા ઠઠાનો હાકેમ થયો અને સુલતાન મહમદ ભખરનો હાકેમ થયો.

સ૦—ઠઠાના તરખાન વંશના કેટલા હાકેમ થયા?

જ૦—તરખાન વંશના ત્રણ જણાઓએ હકુમત કરી.

૧ મીજાં ઇસા.

૨ મીરજાં મહમદ બાકી.

૩ મીરજાં જાનીબેગ.

સ૦—મીરજાં મહમદ બાકીની થોડી વિગત કહો?

જ૦—મીરજાં ઇસા પછી મહમદ બાકી ગાદીએ બેઠો. તેના વખતમાં માણસ દુખી હતા. તેના વખતમાં તેનો અને ભખરવાળા સુલતાનમહમદનો તકરાર થયો તેથી કાયર થઇને મીરજાંમહમદ બાકીએ ઈ૦ સ૦ ૧૫૭૧ માં આપઘાત કર્યો. તેની પછી તેનો દીકરો મીરજાં જાનીબેગ ગાદીએ બેઠો.

સ૦—મીરજાં જાનીબેગની થોડી વિગત કહો?

જ૦—મીરજાંમહમદ બાકી પછી તેનો દીકરો મીરજાં જાનીબેગ ગાદીએ બેઠો. તેણે રૈયતને રાજી કરી સારી રીતે રાજ ચલાવ્યું. તેના વખતમાં દીલ્લીનો બાદશાહ અકબર હતો; જે ભખરના હાકેમ સુલતાનમહમદની દીકરી પરણ્યો હતો અને સુલતાનમહમદ મરી ગયા પછી તેને કોઈ દીકરો ન હોવાથી ભખરનો કિલ્લો અકબરના

હાથમાં આવ્યો. ભખરમાં અકબરનો સરદાર ખાન-ખાના હતો, તેની તથા મીરજાં જાનીબેગ વચ્ચે દુશ્મની પડી અને ઈ૦ સ૦ ૧૫૮૯ માં અકબરની મદદથી ખાંનખાનાએ મીરજાં જાનીબેગ ઉપર ચડાઈ કરી અને સેવહણનાં શેહેર પાસે વહાણ ઉપર એક લડાઈ થઈ તેનાં પરિણામની કાંઈ ખબર પડી નહીં. બીજી લડાઈ ઉનડપુર પાસે ઈ૦ સ૦ ૧૫૯૦ માં થઈ તેમાં મીરજાં જાનીબેગ હાર્યો, અને સિંધની હકુમત અકબરના હાથમાં આવી; પણ મીરજાં જાનીબેગની બહાદુરીથી ખુશ થઈ અકબર બાદશાહે સિંધની હકુમત પોતાના તરફથી મીરજાં જાનીબેગને પાછી સોંપી.

સ૦—મીરજાં જાનીબેગ પછી તરખાન વંશના કયા કયા સરદારો સિંધના હાકેમો થયા ?

જ૦—મીરજાં જાનીબેગ પછી દિલ્લીના બાદશાહ તરફથી તરખાન વંશનો કોઈને, કોઈ સરદાર ઘણા દહાડા લગણ સિંધમાં મુકરર કરવામાં આવતો હતો. આ સરદારોના નામોની પુરી ખબર પડતી નથી.

સ૦—તરખાન વંશના હાકેમો પાસેથી સિંધનું રાજ શી રીતે ગયું ?

જ૦—તરખાનવંશની પડતી થતાં ઠઠા શેહેરમાં જુદા જુદા હાકેમોની પોત પોતામાં અણબનત થઇ અને તકરારો વધવા લાગી. આખર જ્યારે દિલ્લીના તખ્ત ઉપર શાહજહાન બાદશાહ થયો ત્યારે તેણે સિંધમાં હાકેમો પરભાર્યા દિલ્લીથી મોકલવા માંડ્યા. આ બંદોબસ્તથી સિંધની નવાબી જે વંશપરંપરા ચાલતી તે બંધ થઈ.

સ૦—દાઉદ પોત્રા કોણ હતા ?

જ૦—દાઉદ પોત્રા દાઉદખાનના વંશના હતા. તેમાના ઘણા કણબીનું કામ કરતા હતા અને બીજા લડાઇનો ધંધો

લઈ બેઠા હતા. તેઓ ઘણુંકરીને જંગલમાં ભટકતા હતા. તેમાના કેટલાક ખાનપુરમાં બીજા તરાઈ શેહેરમાં રહે-તા હતા અને બીજા સખરની ચોતરફ ગુજરાન કરતા હતા. સખરવાળા દાઉદ પોત્રાઓએ ઇ૦સ૦ ૧૬૦૩ માં મહારસ નામે એક જોરવાળી જાત સાથે લડાઈ કરી અને તેમને હરાવ્યા. તેમણે પછી શિકારપુરનું શહેર બાંધ્યું.

સ૦—મહારસ જાતના માણસો કોણ હતા?

જ૦—મહારસ જાતના માણસો અસલ હિંદુ હતા પણ પછીથી તેઓ મુસલમાન થયા. તેમનો મહોટો શેરખાન નામે હતો અને તેમના રાજની ગાદીનું શેહેર લકી હતું; જે શેહેર તેમણે જાતુઅસ નામે એક બલોચી જાત પાસેથી લઈ લીધું હતું.

૧૦ કલ્હોડા લોકો.

(ઇ૦ સ૦ ૧૭૩૬ થી ૧૭૮૧ સુધી ૪૫ વરસ.)

સ૦—કલ્હોડાવંશનો પહેલો હાકેમ દિલ્લીથી કયા બાદશાહના વખતમાં મુકરર થઈ આવ્યો?

જ૦—દિલ્લીના બાદશાહ મહમદશાહના વખતમાં ઇ૦ સ૦ ૧૭૩૬ માં મીઆં નુરમહમદ ઠઠાનો સુબેદાર મુકરર થઈ આવ્યો. તે જાતનો કલ્હોડો હતો.

સ૦—કલ્હોડા કોણ હતા?

જ૦—મુસલમાનોના પેગમ્બરના કાકા હજરત અબાસના વંશમાં કલ્હોડાઓ પોતાને ગણેછે; પણ ખરૂં જોતાં તેઓ કામબાથના રહેવાસી મહમદના વંશમાં છે. સમા લોકો-ના દિવસથી કલ્હોડાનું જોર વધ્યું અને તેમનો મુરશીદ આદમશાહ કલ્હોડો ઇ૦ સ૦ ૧૪૫૦ માં થયો; તેણે તો વળી કલ્હોડા લોકોનું ખાનદાનું વધારી મુક્યું.

સ૦—કામબાથાનો રહેવાસી મહમદ કોણ હતો અને કલ્હો-ડાના મુરશિદ આદમશાહની થોડી વિગત કહો ?

જ૦—કામબાથાના રહેવાસી મહમદ નામના માણસે ઈ૦ સ૦ ૧૨૦૪ માં સિંધના ઉત્તર વાળા મુલકમાં નાસરૂદીનના વખતમાં પ્રખ્યાતી મેળવી. મહમદે ઘણા નામવાર સર-દારો સાથે સગપણ કર્યા અને દાઉદ પોત્રાઓ મહમ-દના દીકરાના વંશ વાળા હતા.

આદમશાહ કલ્હોડો ઈ૦સ૦૧૪૫૦માં ચંદોખા પ્રગણામાં એક મુરશિદ થયો, તેથી ઈ૦સ૦૧૫૫૮માં કલ્હોડા લોકોનું ખાનદાન પ્રખ્યાત થયું. આદમશાહે પોતાની મુરશિદીના જોરથી જલદી મહોટી જમીનદારી હાથ કરી. આદમશાહનું નામ પ્રખ્યાત થયું તેથી મુલતાનના હાકેમને રીસ ચડી અને તેણે આદમશાહ ઉપર હુમલો કર્યો અને તેના ખા-દમોને નસાડ્યા અને આદમશાહનેકેદ કરી મારી નાખ્યો.

સ૦—કલ્હોડા લોકોનો હાકેમ દિલ્લીથી શી રીતે મુકરર થઈ આવ્યો ?

જ૦—સત્તરમી સદીની આખરમાં કલ્હોડા લોકોનું જોર સિંધમાં વધ્યું અને તેઓ લુટફાટનો ધંધો કરવા લાગ્યા, તેથી મહોટા ઝગડા થયા અને છેવટ તેમને સિંધ મુકવી પડી. આખર કલ્હોડા લોકોમાં ઈ૦ સ૦ ૧૭૦૧ માં મુ-ખ્ય માણસ યારમહમદ થયો તેણે દિલ્લી જઈ ત્યાંના બાદશાહ ઔરંગજેબને ખુશ કર્યો. અને તેનો પ્યાર સંપાદન કર્યો. યારમહમદ પોતાના મરણ પછી પોતાના દીકરા મીઆં નુરમહમદને મુકી ગયો; જેણે મહમદશાહ બાદશાહની ખીજમત કરી અને કિલાતનો હાકેમ મીર અબદલા સિંધ ઉપર ચડાઈ કરી આવ્યો હતો તેને બહાદુરીથી હરાવ્યો. આ વાતથી રાજી થઇને બાદશાહે મીયાં નુરમહમદને ઈ૦ સ૦ ૧૭૩૬ માં સિંધનો નવાબ મુકરર કરી મોકલ્યો.

સ૦—યારમહમદ કલ્હોડાની થોડી વિગત કહો?

જ૦—યારમહમદ કલ્હોડો ઈ૦ સ૦ ૧૭૦૧ માં કલ્હોડા લોકોના મુખ્ય માણસ થયો. તેણે ટાલપુર લોકોની મદદથી શીકારપુર લીધું. તે દિલ્હી ગયો અને તે વખતના બાદશાહ ઔરંગજેબને ઘણો ખુશ કરી ખુદાયારખાનનો ખીતાબ મેળવ્યો અને એક જાગીર મેળવી. ઈ૦સ૦૧૭૧૧ માં યારમહમદે કંડીઆરો, લાડકાણું અને સીબીનાં પ્રગણાં તાબે કર્યાં. તે ઈ૦ સ૦ ૧૭૧૯માં મરણ પામ્યો.

સ૦—નુરમહમદ કલ્હોડે કેવી રીતે રાજ કર્યું? તેના વખતમાં કઈ મોહોટી વાત થઈ?

જ૦—નુરમહમદ કલ્હોડે દાઉદ પોત્રા પાસેથી નહારનું પ્રગણું લીધું અને સેવહણ તથા તેના તાબાના મુલક હાથ કર્યા. આવી રીતે નુરમહમદે મુલતાનથી તે ઠઠા સુધી મુલકની હદ વધારી પણ તે ભખરનો કિલ્લો તથા તેની આસપાસનો બીજો મુલક લઈ શક્યો નહીં. એ મુલક તો કલ્હોડાઓના હાથમાં ઈ૦ સ૦ ૧૭૩૬થી આગળ ન આવ્યો.

નુરમહમદ કલ્હોડાના દિવસમાં ઈ૦ સ૦ ૧૭૩૯ માં ઈરાનના બાદશાહ નાદીરશાહે હિંદુસ્તાન ઉપર ચડાઈ કરી અને દિલ્હીનું શેહેર લીધું અને તેજ વરશમાં તેણે સિંધુ નદીની પશ્ચિમના મુલક ઠઠા અને શીકારપુર સમેત દીલ્હીની બાદશાહીથી જુદા કરીને ઈરાનની બાદશાહી સાથે જોડ્યા. જ્યારે નાદીરશાહ કંદહાર પોહોંચ્યો ત્યારે પાછળથી નુરમહમદ કલ્હોડે બંડ કર્યું તેથી નાદીરશાહને સિંધ ઉપર હુમલો કરવાને વળી આવવું પડ્યું. નુરમહમદ કલ્હોડો ઉમરકોટ નાશી ગયો પણ પછી પાછો આવીને નાદીરશાહને શરણ પડ્યો. નાદીરશાહે શીકારપુર અને સીબીનાં શેહેર નુરમહમદખાન પાસેથી લઈ લીધાં અને તે દાઉદ પોત્રા

અને અફગાનોને સોંપ્યાં. નુરમહમદને વીશ લાખ રૂપીઆ ખંડણી દર વરસે આપવા કબુલ કરવું પડયું અને તેના બદલામાં નાદીરશાહે તેને શાહકુલીખાનનો ખીતાબ આપ્યો.

ઈ૦ સ૦ ૧૭૪૭ માં નાદીરશાહના મરણ પછી નુરમહમદ કલ્હોડાનો મુલક એહમદશાહ દુરાની કંદહાર વાળાના તાબામાં આવ્યો; જેણે નુરમહમદખાનને શાહ નવાજનો ખીતાબ આપ્યો. ઈ૦ સ૦ ૧૭૫૪ માં ખંડણી વાળા પૈસા બરાબર નહીં પોહોંચવાથી એહમદશાહે સિંધ ઉપર ચડાઈ કરી. શાહનવાજ (નુરમહમદ) જેસલમેર તરફ નાસી ગયો, જ્યાં તે મરણ પામ્યો.

સ૦—નુરમહમદના મરણ પછી સિંધની નવાબી કોને મળી?

જ૦—નુરમહમદના દિકરા મહમદ મુરાદયાબખાને પોતાના તરફથી એહમદશાહ તરફ વકીલ મોકલ્યો અને તેનો ગુસ્સો નરમ પાડ્યો. એહમદશાહે મહમદ મુરાદયાબખાનને તેના બાપ વાળી હકુમત પાછી તેને સોંપી અને સરબુલંદખાનનો ખિતાબ આપ્યો.

સ૦—મહમદ મુરાદયાબખાને કેવી રીતે રાજ કર્યું અને તેના રાજની આખરી કેવી થઈ?

જ૦—મહમદ મુરાદયાબખાને મુરાદાબાદ શેહેર બાંધ્યું અને જામ હજાજના નામે કકરાલાના હાકેમ પાસેથી કેટલોક મુલક તાબે કર્યો, પણ તેણે જુલમ કરવા માંડ્યો તેથી તેની રૈયત અને સરદારો તેના સામે થયા અને તેના નહાના ભાઈઓ અતરખાન અને ગુલામ શાહના ફાયદામાં કોશેશ કરવા લાગ્યા. આખર ઈ૦ સ૦ ૧૭૫૭માં મહમદ મુરાદયાબખાનને તખ્ત ઉપરથી ઉઠાડી ગુલામ શાહને બેસાડ્યો; પણ ભાઈઓની અણબનતને લીધે ગુલામશાહને રણ તરફ નાસી જવું પડ્યું. આખર ગુલામશાહ ઈ૦ સ૦ ૧૭૫૮ માં કંદહાર જઈ

પોતાને સિંધનો હાકેમ મુકરર કરાવી આવ્યો અને પોતાના ભાઈ અતરખાનને મરાવી નાખ્યો.

સ૦—ગુલામશાહના રાજની થોડી વિગત કહો ?

જ૦—ગુલામશાહના વખતમાં સિંધ મુલક આબાદ અને શાંત હતો. માણસો આરામમાં વખત ગુજારતા અને સૌ સુખી હતા. ગુલામશાહના વખતમાં ઈંગ્રેજ લોકોએ પહેલવહેલી ઠઠા શેહેરમાં કોઠી નાખવાની ઈ૦ સ૦ ૧૭૫૮ માં પરવાનગી મેળવી. ગુલામશાહને ઈ૦ સ૦ ૧૭૬૧ માં કંદહારથી શાહવરદીખાનનો ખેતાબ મળ્યો. ઈ૦ સ૦ ૧૭૬૨ માં તેણે કચ્છ ઉપર હુમલો કર્યો અને જહ્રાનાની મોહોટી લડાઈ કરી. ઈ૦ સ૦ ૧૭૬૩ માં વળી તેણે કચ્છ ઉપર ચડાઈ કરી અને લખપત અને બરેતાનાં બંદરો હાથ કર્યાં. મતલબ ગુલામશાહે પોતાની બહાદુરીથી ખોસા લોકોને તાબે કર્યા, કોહી પાસેથી કરાચીની આસ પાસનો મુલક લીધો, બાવલપુરના દાદ પોત્રાઓને જીત્યા અને કચ્છના રાવને લડાઈમાં હરાવ્યો. ઈ૦ સ૦ ૧૭૬૮ તેણે હેદ્રાબાદનું ગામ જેને આગળ નીરાનકોટ કહેતા હતા તેનો પાયો નાખ્યો. હેદ્રાબાદમાં હાલ જે કિલ્લો છે તે તેના દિવસમાં બંધાયો હતો. તે ઈ૦ સ૦ ૧૭૭૧ માં મરણ પામ્યા ?

સ૦—ગુલામશાહ પછી કોણ થયું ?

જ૦—ગુલામશાહ પછી તેનો દીકરો સરફરાજખાન હાકેમ થયો. તેણે ઘણા વરસ રાજ કર્યું નહીં. ટાલપુરનો આગેવાન મીર બેહરામ, જે તેની પાસે મહોટો વજીર હતો તેને દુશ્મનીથી તેના દીકરા સુબદારખાન સમેત તેણે મરાવી નંખાવ્યો. સરફરાજખાન જાલમ હાકેમ હતો. તેણે દેશી લોકોની અપ્રીતી મેળવી અને અંગ્રેજ વેપારીઓ સાથે અણબણુત કરી અને ઠઠાવાળી તેમ-

ની કોઠી ઇ૦ સ૦ ૧૭૭૫ માં કઢાવી નાંખી. રૈયત નારાજ થઈ સરફરાજખાનને ઇ૦ સ૦ ૧૭૭૬ માં ગાદી ઉપરથી ઉઠાડી મુક્યો અને કેદ કર્યો.

સ૦—સરફરાજખાન પછી કોણ હાકેમ થયો ?

જ૦—સરફરાજખાન પછી લોકોએ તેના ભાઈ મહમદખાનને ગાદી ઉપર બેસાડ્યો; પણ દશ મહીના પછી મીર ફતેહખાન ટાલપુર અને બીજા સરદારોએ મીઆં મહમદખાનને નાલાયક કરી ગુલામશાહના ભત્રીજા મીયાં સાદકઅલીને ગાદીએ બેસાડ્યો.

સ૦—મીયાં સાદકઅલીખાને કેવી રીતે રાજ કર્યું ?

જ૦—મીયાં સાદકઅલીખાન હકુમત ચલાવવા લાયક નહતો તેથી એક વરશની અંદર ગુલામશાહના ભાઈ ગુલામનબીખાન ફલેહોડે હકુમત પોતાના હાથમાં લીધી.

સ૦—ગુલામ નબીખાનના વખતમાં શું થયું ?

જ૦—ગુલામ નબીખાનને એવી ધાસ્તી પેઠી કે, મીર બહેરામનો દીકરો મીર બીજર જે પોતાના બાપના મરણ વખત હજ કરવા ગયો હતો તે આવી પોતાના બાપનું વેર લેશે તેથી તેણે તેને મરાવી નંખાવવાના ઘણા ઉપાયો કર્યા પણ અંતે એ વાતની મીર બીજરને ખબર પડી તેથી તેણે આવીને બલોચ લોકોનો જમાવ કરી ગુલામ નબીખાન સાથે લડાઈ કરી અને તેને મારી નાખ્યો. મીર બીજરે સિંધની હકુમત પોતાના હાથમાં લીધી નહીં પણ ગુલામ નબીખાનના ભાઈ અબદુલનબીખાનને આપી.

સ૦—અબદુલનબીખાનની હુકુમતનું થોડું વર્ણન કરો ? અબદુલનબીખાનની હકુમત શી રીતે ગઈ ?

જ૦—અબદુલનબીખાને ગાદી ઉપર બેઠા પછી સરફરાજખાન જે કેદમાં હતો તેના તરફથી તથા તેના સ-

ગાઓ તરફથી ભય છે એમ જાણી તેમને મરાવી નાખ્યા. અબદુલનબીખાનને બલોચ ટાલપુર લોકોના ઘણી મદદ હતી અને મીરબીજર તેનો નીમકહલાલ અને ખાંજમત કરનાર હતો. ઈ. સ. ૧૭૮૧ માં કંદહારના હાકેમે સિંધ ઉપર ચડાઈ કરી પણ મીરબીજરે તેને શીકારપુર પાસે હરાવ્યો. આવો મીરબીજર નીમકહલાલ હતો તોપણ તેને દગલબાજીથી અબદુલ નબીખાને મરાવી નાખ્યો અને પોતે કિલાત નાસી ગયો. પાછળથી મીર અબદુલા, જે મીર બીજરનો છોકરો હતો તે તથા મીર ફતેહખાન જે મીર સોબદારનો દીકરો હતો તેઓ બંનેએ મળીને હકુમત કરી. ઘણા દહાડા પછી કંદહારના બાદશાહની મદદથી અબદુલ નબીખાને પાછો આવી પોતાનું રાજ લીધું અને મીર અબદુલા તથા મીર ફતેહખાનને દગાથી મરાવી નાખ્યા. આ વાતથી બલોચ લોકોને રીસ ચડી અને તેમણે હેદરાબાદ ઉપર ચડાઈ કરીને તેને નસાડી મુક્યો.

સ૦—અબદુલ નબીખાને પોતાનો મુલક પાછો લેવાની કોશીશ કરી કે નહીં?

જ૦—અબદુલ નબીખાને વળી સિંધ હાથમાં લાવવાની કોશીશ કરી પણ સિંધની સરહદ ઉપર હલાની પાસે મીર ફતેહઅલીએ તેને હરાવ્યો તેથી પેહેલાં તે સેવસ્તાન તરફ નાસી ગયો પણ પછીથી જોધપુર ગયો, જ્યાં તે મરણ પામ્યો. તેના વંશ વાળાઓને હજી સુધી ત્યાં મહોટા ઓહદા છે.

૧૦—કલ્હોડા હાકમો સિંધમાં જે થઇગયા તે સર્વેનાં નામ કહો?

જ૦—બધા મળીને નવ હાકેમો થયા તેમનાં નામ-

કલ્હોડા હાકેમોનાં નામ.	ગાદી ઉપર બેસવાનું વરસ.
૧ યાર મહમદ	૧૭૦૧
૨ નુરમહમદ	૧૭૧૯

१२ टाल्पुरलोको.

(ઈ૦ સ૦ ૧૭૮૧ થી ૧૮૪૩ સુધી, ૬૨ વરસ.)

સ૦—ટાલપુરલોકો કોણ હતા અને તેઓ સિંધમાં શી રીતે આવ્યા હતા ?

જ૦—ટાલપુરલોકો પોતાને મીરહમઝો અબનહાશમના વંશના સમજેછે. તેઓ કહેછેકે અમે અરબસ્તાનની પેદાશ છીએ. ટાલપુરોનો મોટો દાદો મીરશેહદાદખાન નામે બલુચીસ્તાનમાંથી તેના કાકા સુબદારથી રીસાઈને સિંધમાં નુરમહમદ કલ્હોડા પાસે આવીને નોકર થયો હતો. તે વખતે બીજા પણ ઘણા બલોચ સિંધમાં આવી રહ્યા હતા. મીરશેહદાદે પોતાની હુશીયારી અને ડહાપણથી સિંધમાં મોટું માન મેળવ્યું. તે ઈ૦ સ૦ ૧૭૪૭માં મરણ પામ્યો. તેને ચાર દીકરા હતા. ત્રીજા દીકરાનું નામ મીરબેહરામ હતું તેણે પોતાના બાપની જગ્યો લીધી અને મીઆં સરફરાજખાનની સામે ફીસાદી લોકોને ઉભા કરયા. તેનો શક મીઆં સરફરાજખાનને પડતાં તે મારયો ગયો. મીર બેહરામનો દીકરો મીર બીજર હતો તે ટાલપુરોમાં શૂરો સરદાર હતો. મતલબ ટાલપુરલોકોનું જોર સિંધમાં કલ્હોડાલોકોના રાજની આખરમાં વધી ગયું હતું,

સ૦—સિંધમાં ટાલપુરલોકોનું રાજ થયું તેનું કારણ કહો ?

જ૦—કલ્હોડા વંશના છેલા હાકેમ અબદુલ નબીખાને દગ-
લબાજીથી મીર બીજરને મરાવી નાખ્યો અને મીર
અબદુલ્લા જે મીર બીજરનો દીકરો હતો તેને તથા
મીર ફતેહઅલીખાન જે મીર સોભદારનો દીકરો હતો તેને
મરાવી નખાવ્યા. આ વાતથી બલોચ લોકોને રીસ
ચડી અને તેઓ એકદમ ભેળા થયા અને મીર ફતેહ
અલીખાન, જે મીર બેહરામખાનનો પૌત્ર હતો તથા
તેના ભત્રીજા, મીર સોરાબખાનનેસાથે લઈ હૈદ્રાબાદ
ઉપર ચડાઈ કરી અને તે શેહેર ઈ૦ સ૦ ૧૭૮૧માં લીધું.

સ૦—મીર ફતેહ અલીખાનનો કેવો ઇરાદો થયો અ-
ને તેથી શું થયું. ?

જ૦—મીર ફતેહ અલીખાનનો ઇરાદો થયો કે આખુ સિંધ
મારા કબજામાં આણું તેની ખબર તેના ભત્રીજા મીર
સોરાબખાનને તથા મીર ઠારેખાન, મીર સોરાબખા-
નના દીકરાને પડી તેથી તેઓએ ખેરપુર તથા શાહ
બંદર પોતાને કબજે કર્યાં અને તે વખતના કાબલના
બાદશાહ તેમુરની તાબેદારી કબુલ કરીને મીર સોરાબ
રોહડીનો અને મીર ઠારેખાન શાહ બંદરનો હાકેમ થયો.

સ૦—આમ થવાથી સિંધના કેટલા ભાગ થયા ?

જ૦—આ બંદોબસ્તથી સિંધના ત્રણ ભાગ થયા. એ ત્રણે
મીરો ટાલપુર વંશના હતા. પેહેલો ભાગ શેહદાદપુરી
ટાલપુર; જેની રાજધાનીનું શેહેર હૈદ્રાબાદ. બીજો
ભાગ શાહબંદરનાં પ્રગણાં તે મીર ઠારેના વંશવાળાના
હાથમાં હતાં અને તેની રાજધાનીનું શેહેર મીરપુર
હતું, અને ત્રીજો ભાગ ઉત્તરમાં ખેરપુરવાળાં પ્રગણાં
તે મીર સોરાબના હાથમાં હતાં અને તેની રાજધા-
નીનું શેહેર ખેરપુર હતું.

સ૦—મીર ફતેહઅલીએ પોતાના શાહદાદપુરી મીરોનું જોર વધારવા સારૂ શું કર્યું?

જ૦—મીર ફતેહઅલીએ શાહદાદપુરી મીરોમાં જોર અને સંપ વધે તે માટે પોતાના ત્રણ નહાના ભાઇઓ મીર ગુલામઅલી, મીર કરમઅલી અને મીર મુરાદઅલીને પોતાની હકુમતમાં સામેલ કર્યા અને તેઓ ચાર જણે એવી સલુકાઇથી કામ કર્યું કે તેઓને લોકો **चार यार** કહેતા હતા. તેઓએ કરાચીનું બંદર જ્યાં કિલાતવાળા મીયાં નસીરમહમદના તરફથી એક નવાબ હતો તે ઈ૦ સ૦ ૧૭૯૨ માં જીત્યું અને ઉમરકોટનું શેહેર જોધપુરવાળા પાસેથી ઈ૦ સ૦ ૧૮૦૧ માં લઈ લીધું.

સ૦—મીર ફતેહઅલી ક્યારે મરણ પામ્યો અને મરતી વખત કેવું વસીયતનામું કરી ગયો?

જ૦—મીર ફતેહઅલી ઈ૦ સ૦ ૧૮૦૧ માં મરણ પામ્યો અને તેણે મરતી વખત હકુમતના ત્રણ ભાગો પોતાના ભાઇઓ વચ્ચે કર્યા એવી રીતે કે, હકુમતનો અરધો ભાગ મહોટા ભાઈ ગુલામઅલીને મળે અને બાકીનો અરધો ભાગ બીજા બે ભાઇઓને મળે અને તેણે પોતાના દીકરા સોબદાર સારૂ કાંઈ રાખ્યું નહીં.

સ૦—મીર ફતેહઅલી પછી રાજ કેવી રીતે ચાલ્યું?

જ૦—મીર ફતેહઅલી પછી તેના ત્રણ ભાઇઓ મીર ગુલામઅલી, મીર કરમઅલી અને મીર મુરાદઅલી, એ ત્રણે મળીને રાજ કર્યું.

સ૦—મીર ગુલામઅલી તથા તેના ભાઇઓના વખતમાં કઈ જાણવાજોગ વાત બની?

જ૦—મીર ગુલામઅલી તથા તેના ભાઇઓના વખતમાં ઈ૦ સ૦ ૧૮૦૯ માં અંગ્રેજો તથા મીરલોકો વચ્ચે એક

ઓહુદનામું (કરારનામું) થયું જેથી અંગ્રેજો તથા મીર લોકોની મિત્રાચારી થઈ.

સ૦—એ ઓહુદનામામાં કેવી કબુલાત હતી?

જ૦—એ ઓહુદનામામાં મીર લોકોએ એવી કબુલાત આપી જે, કોઈપણ અમેરીકન અથવા ફ્રેંચ વેપારી અંગ્રેજોના રજા વગર સિંધમાં આવી શકે નહીં.

સ૦—મીર ગુલામઅલી કયા વરસમાં મરણ પામ્યો અને તેની પાછળ કોણે રાજ કર્યું?

જ૦—મીર ગુલામઅલી ઈ૦ સ૦ ૧૮૧૧ માં મરણ પામ્યો અને તેની પાછળ તેના દીકરા મીર મહુમદને મુકી ગયો. પણ મીર કરમઅલી તથા મુરાદઅલી હુકુમત કરવા લાગ્યા અને મીરમહુમદને સામેલ કર્યો નહીં.

સ૦—મીર કરમઅલી તથા મીર મુરાદઅલીના વખતમાં શું થયું?

જ૦—મીર કરમઅલી અને મીર મુરાદઅલીએ ઈ૦ સ૦ ૧૮૨૫ માં કચ્છના રાઓ ઉપર ચડાઈ કરી અને કચ્છનો રાઓ અંગ્રેજોનો દોસ્ત હતો તેથી અંગ્રેજોએ તેને મદદ દીધી પણ મીરલોકો તરતજ સમજી ગયા અને અંગ્રેજ તથા મીરો વચ્ચેની દોસ્તી કાયમ રહી.

સ૦—મીર કરમઅલી ક્યારે મરણ પામ્યો અને તેની પાછળ કોણે રાજ કર્યું?

જ૦—મીર કરમઅલી ઈ૦ સ૦ ૧૮૨૮ માં બેવારસ થઈ મરણ પામ્યો અને તેની પાછળ તેના ભાઈ મીર મુરાદઅલીએ રાજ કર્યું.

સ૦—મીર મુરાદઅલીના દહાડામાં જાણવાજોગ વાત કઈ હતી?

જ૦—મીર મુરાદઅલીના વખતમાં અંગ્રેજો અને ટાલપુર વચ્ચે બે નવાં અંજામનામાં થયાં. એક ઈ૦ સ૦ ૧૮૩૧ માં અને બીજું ઈ૦ સ૦ ૧૮૩૪ માં.

સ૦—એ અંજામનામાથી કયા ઠરાવો થયા ?

જ૦—એ અંજામનામાં મુજબ અંગ્રેજોને આખા સિંધમાં આવવા જવાની રજા મળી અને અંગ્રેજી વેપારીઓને સિંધુનદી ઉપર આગબોટ ચલાવવાની રજા મળી પણ અંગ્રેજોએ એવો કરાર કરીઆપ્યો કે કોઇપણ અંગ્રેજ ઘણો વખત સિંધમાં રહે નહીં તથા તેઓએ કોઇપણ લશ્કરી સામાન કે વહાણ સિંધુનદી તરફ લાવવું નહીં. તેના બદલામાં મીરલોકોએ કબુલ કર્યું હતું કે કોઇપણ બહારના વેપારી સનંદ સિવાય સિંધમાં આવવા દેવાનહીં.

સ૦—મીર મુરાદઅલીના મરણ પછી કોણ થયું ?

જ૦—મીર મુરાદઅલીના મરણ પછી તેના બે દીકરા મીર નુરમહમદ તથા મીર નસીરખાન અને તેમના પિત્રાઇ ભાઇ મીર સોબદારખાન, જે મીર ફતેહઅલીનો દીકરો હતો તે અને મીર ગુલામઅલીનો દીકરો, મીર મહમદખાન. એ ચારે જણે મળીને રાજ કર્યું. તેઓમાં મીર નુરમહમદખાન, જે મીર મુરાદઅલીનો દીકરો હતો તે મુખ્ય માણસ થયો.

સ૦—મીર નુરમહમદખાન અને બીજા ત્રણ મીરોના રાજમાં શો બનાવ બન્યો અને તેથી અંગ્રેજોને શો ફાયદો થયો?

જ૦—મીર નુરમહમદખાનના વખતમાં ઇ૦ સ૦ ૧૮૩૮ માં રાજા રણજીતસીંગ સાથે મીરલોકોની દુશ્મની થઇ પણ અંગ્રેજ સરકાર વચ્ચે પડી સલાહ કરાવી દીધી તેથી અંગ્રેજોને મીરલોકોએ પોતાને ત્યાં વકીલ રાખવાની રજા આપી. કરનલ પોટીંજર પેહેલો અંગ્રેજી વકીલ હેદ્રાબાદમાં આવ્યો. (ઇ૦ સ૦ ૧૮૩૮)

સ૦—મીર નુરમહમદખાન કયા વરસમાં મરણ પામ્યો અને તેના પછી કોણે રાજ કર્યું ?

જ૦—મીર નુરમહમદ ઇ૦ સ૦ ૧૮૪૧ માં મરણ પામ્યો

અને તેના પછી તેના બે દીકરા મીર શેહદાદ અને મીર હસનઅલીખાન તેમના કાકા નસીરખાનની સાથે રાજ કરવા લાગ્યા.

ખેરપુર વાળા ટાલપુરો.

સ૦—ખેરપુર વાળા ટાલપુરોમાં પેહેલો મીર કોણ થયો ?

જ૦—ખેરપુરવાળા ટાલપુરોમાં પેહેલો મીર સોહરાબ થયો જેણે કાબલના હાકેમની તાબેદારી કબુલ કરીને તેના કાકા મીર ફતેહઅલીખાનથી જુદા થઈ ખેરપુરનાં પ્રગણાં પોતાના તાબામાં કર્યાં હતાં (ઈ૦ સ૦ ૧૭૮૧)

સ૦—મીર સોહરાબ પછી આ મુલકના કોણ હાકેમ થયા ?

જ૦—મીર સોહરાબ પછી તેના દીકરા મીર રૂસ્તમ અને મીર અલીમુરાદ આ મુલક ઉપર રાજ કરવા લાગ્યા. તેઓ જરૂર પડતે રાજ સંબંધી વાતમાં હૈદ્રાબાદી મીરોની સલાહ લેતા હતા.

સ૦—મીર રૂસ્તમ કેવી રીતનું માણસ હતું ? તેનું થોડું વર્ણન કહો ?

જ૦—મીર રૂસ્તમ જાતે હસમુખો અને નિરઅપરાધી હતો. તેના ઉપર રૈયતનો ઘણો પ્યાર હતો. મીર રૂસ્તમને મોહોટું કુટુંબ હતું પણ તેમાં અણબનત હોવાથી તેની હયાતાના પાછલા દીવસ તેને જરા દુઃખ વેઠવું પડ્યું. તેના ભાઈ અલીમુરાદની દુશ્મનીથી તેને ઈ૦ સ૦ ૧૮૪૩ માં ઇમામગેરના કિલ્લા તરફ નાસી જવું પડ્યું. અંગ્રેજોએ સિંધ ફતેહ કરી ત્યાર પછી મીર રૂસ્તમખાનને બીજા મીરો સાથે કેદ કરીને પુના તરફ મોકલ્યો પછી ત્યાંથી ઈ૦ સ૦ ૧૮૪૪ માં કલકતે મોકલ્યો.

સ૦—મીર અલીમુરાદ કેવું માણસ હતું અને તેને ખેરપુનું રાજ કેવી રીતે મળ્યું ?

જ૦—મીર અલીમુરાદ અને મીર રૂસ્તમ તેમના બાપ મીર

સોહરાબના મરણ પછી ખેરપુરનાં પ્રગણાં ઉપર રાજ કરતા હતા. મીરઅલીમુરાદ હુશીયાર હતો. તેની મરજી થઈ કે તેનો મહોટો ભાઈ મીર રૂસ્તમ જે પોતાને રઇસ કહેવડાવતો હતો તે ખીતાબ પોતાને મળે. આ વાતથી બે ભાઇઓના વચમાં દુશ્મની થઈ અને મીર અલીમુરાદખાને આ મતલબ પાર પાડવા સારૂ અંગ્રેજી લશ્કરના સરદાર સર ચારલસ નેપીયર અને મીર રૂસ્તમ વચ્ચે દુશ્મની કરાવી.એવી રીતે કે તે મીર રૂસ્તમને કહેવા લાગ્યો કે સર ચારલસ નેપીયર તને કેદ કરવાનો ઇરાદો રાખે છે અને સરચારલસ નેપીયરને કહે કે મીર રૂસ્તમનો ઇરાદો અંગ્રેજો સાથે દુશ્મની કરવાનો છે. બીચારા મીર રૂસ્તમખાને પોતે સર ચારલસ નેપીયરની મુલાકાત કરી તેને ખરી વાત સમજાવવાની ઘણી કોશેશ કરી પણ નાઉમેદ થયો અને તે આખર પોતાના કુટુંબ સહીત ઇમામગેરના કિલ્લા તરફ નાશી ગયો. સર ચારલસ નેપીયરે ઇ. સ. ૧૮૪૨ માં તેની પાછળ પડ્યો અને તે કિલ્લો તોડાવી નાખ્યો. આ વાત પછી સરચારલસ નેપીઅરે મીરઅલી મુરાદખાનને રઇસનો ખિતાબ આપી ખેરપુરનો હાકેમ બનાવ્યો તે આજ દિવસ સુધી ત્યાં રાજ કરેછે.

મીર ઠારેના વંશવાળા ટાલપુરો.

સ૦—આ મીરોમાં નામાંકિત કોણ થઇ ગયો?

જ૦—મીર ઠારેના વંશનો મીર શેરમહમદ નામાંકિત માણસ થઇ ગયો. તે સરવે મીરોમાં મ્હોટો બહાદુર હતો અને સાફદિલ માણસ હતો.તેના હાથમાં મીરપુરનો કિલ્લો હતો.

સ૦—અંગ્રેજોનો સિંધના માણસો સાથે કેવી રીતે સંબંધ થયો તેની વિગતવાર હકીકત કહો?

૪૦—અંગ્રેજોનો સિંધના માણસો સાથે સંબંધ ગુલામશાહ કલ્હોડાના દિવસથી થયો, પણ પછી મહમદ સરફરાજખાને તેમની સાથે ઇ. સ. ૧૭૭૫ માં દોસ્તી તોડી. પછી ઇ. સ. ૧૭૯૯ માં અંગ્રેજોએ સિંધ સાથે વેપાર કરવાની કોશેશ કરી અને મીસ્તર નેથાલ ગ્રાઉસી ને સિંધના મીરો સાથે વેપારનો બંદોબસ્ત કરવા મોકલ્યો પણ તેમાં ઘણો ફાયદો થયો નહીં. અંગ્રેજોનો ગુમાસ્તો કદી ઠઠામાં, કદી શાહબંદરમાં અને કદી કરાચીમાં રહેતો આવ્યો, ત્યાં મીરો તેનું અપમાન વખતો વખત કરતા આવ્યા. આખર તે વકીલને મીરોએ દશ દીવસમાં મુલક છોડવાનો હુકમ આપ્યો તે હુકમ તેણે બજાવ્યો, અને ઇસ્ટઇન્ડીયા કંપનીએ આ અપમાન ઉપર ધ્યાન આપ્યું નહીં અને આ વાત કંઇ નહીં જેવી કરીને સમજી. ઇ. સ. ૧૮૦૯માં અંગ્રેજોએ સિંધના મીરો સાથે ઓહદનામું કરીને દોસ્તી કરી અને ફ્રેંચોને સિંધમાં નહીં આવવા દેવાનો કરાર મીરો પાસેથી લીધો.

ઇ. સ. ૧૮૨૧ માં મીરો અને અંગ્રેજોના વચમાં સરહદોની તકરાર બંધ કરવાને વળી એક ઓહદનામું થયું.

ઇ. સ. ૧૮૩૦ માં સર અલેકઝાંડર બર્નસે ઘણી હરકતો પછી આખર સિંધુનદી ઉપર વહાણ ચલાવવાની રજા મેળવી.

આખર ઇ. સ. ૧૮૩૮ માં મીરો અને પંજાબના હાકેમ રણજીતસીંગ વચ્ચે તકરાર થયો તેની સલાહ કરાવી દેવા માટે મીરોએ અંગ્રેજોને હૈદ્રાબાદમાં પોતાનો વકીલ રાખવાની રજા આપી અને કરનલ પોટીંજર પહેલો અંગ્રેજોનો વકીલ મુકરર થયો.

૪૦—અંગ્રેજો તથા મીરો વચ્ચે પહેલી દુશ્મની થઇ તેનું કારણ કહો?

જo—અંગ્રેજો તથા મીરલોકો વચ્યે દુશ્મની પડી તેનું કારણ એ હતું કે ઇ. સ. ૧૮૩૮ માં અંગ્રેજ તથા અફગાનીસ્તાનના શાહસુજા અને પંજાબના રાજા રણજીતસીંગ, એ ત્રણે વચ્યે અનજામનામું થયું તેથી શાહસુજાને તેના દુશ્મનોની સામે મદદ દેવાને અંગ્રેજોને સિંધમાંથી ફોજ લઇ જવાની જરૂર પડી; પણ ઇ. સ. ૧૮૩૨ ના અંજામનામા મુજબ અંગ્રેજલોકો સિંધમાં લશ્કર લાવે નહીં એવો ઠરાવ હતો તેથી મીરલોકોએ અંગ્રેજોને લશ્કર લઇ જતાં રોકાણ કરી. પણ લાર્ડ આકલાંડ, જે તે વખતનો ગવરનર જનરલ હતો તેણે હુકમ કર્યો કે ઇ. સ. ૧૮૩૨ વાળું અંજામનામું જરૂરી વખતમાં બંધ કરવું જોઇએ અને જે સરદારો જરૂરી હાલતમાં અંગ્રેજોને મદદ ન દે તેમને ગાદીએથી ઉઠાડી મુકવા. તેથી ઇ. સ. ૧૮૩૮ માં સર જાનકીન સિંધમાં લશ્કર સાથે આવ્યો. મીરોએ સિંધમાં ખોરાક અને સામાનને જતાં ઘણી હરકત કરી. અંગ્રેજ સરદારોએ મીરોને બીવડાવ્યા કે, જો કદી તમે આવી હરકતો બંધ નહીં કરો તો અમે તમારી રાજધાની ઉપર ચડાઇ કરશું. આખર મીરોએ તે લશ્કરને જવા દીધું. આવી રીતે પ્રથમ અંગ્રેજો અને મીરો વચ્યે દુશ્મની શરૂ થઇ.

સo—આ દુશ્મની પડવાથી અંગ્રેજ સરકારે શું કર્યું?

જo—આ દુશ્મની પડવાથી ઇ. સ. ૧૮૩૯ માં સિંધમાં રહેવાને મુંબઇથી અંગ્રેજ સરકારે મોહોટું લશ્કર મોકલ્યું. જ્યારે એ લશ્કર કરાચીના બંદરમાં આવી પોહોચ્યું ત્યારે બલોચોએ કીનારા ઉપર લશ્કર ઉતરવાની હરકત કરી તેથી તે લશ્કરે એકદમ બલોચો પાસેથી મનોડાનો કિલ્લો લઇ લીધો. આ પછી તરતજ હૈદ્રાબાદના મીરો અને અંગ્રેજો વચ્યે સલાહનામું થયું.

સ૦—આ સલાહનામાની શરતો કેવી હતી?

જ૦—સલાહનામાની શરતો એ હતી કે;

૧ મીરલોકો અફગાનીસ્તાનના બાદશાહને જે આગળ ખંડણી આપતા તેના પૈસા ઘણા વરસથી તેઓએ આપ્યા નહીં હતા તેથી ચડેલી ખંડણીના બદલામાં ત્રેવીસલાખ રૂપીઆ મીરલોકોએ કાબલના હાકેમ શાહસુજાને આપવા.

૨ મીરલોકોએ અંગ્રેજોના લશ્કરી પાંચહજાર માણસોને સિંધમાં રહેવા દેવા.

૩ સિંધુ નદી ઉપર વેપાર સારૂ રાખેલાં વહાણો ઉપર કોઇપણ કર મીરલોકોએ લેવો નહીં.

આ સલાહનામું હૈદ્રાબાદી મીરો અને અંગ્રેજો વચેથયુ.

સ૦—આ સલાહનામું ખેરપુરવાળા મીરો અને મીરપુરવાળા મીરો સાથે કેવી રીતે લાગુ કરયું ?

જ૦—આ સલાહનામાની પહેલી સરત સિવાય બીજી સરતો ખેરપુરવાળા સાથે લાગુ કરી અને ખેરપુરવાળાએ અંગ્રેજોને ભખરનો કિલ્લો આપ્યો.

મીરપુરવાળા મીર શેરમહમદ પાસેથી અરધો લાખ રૂપીઆ લઇને આ સલાહનામામાં સામેલ કરયો.

સ૦—અંગ્રેજો અને મીરલોકો વચ્ચે લડાઇઓ થઈ તેનું કારણ કહો.

જ૦—ઇ૦ સ૦ ૧૮૪૦ ની આખરમાં અંગ્રેજોના લશ્કરે કાબલ અને કિલાતમાં થોડી હાર ખાધી તેથી સિંધના બલોચ સરદારો, અંગ્રેજોનું જોર ઓછું થયું છે એમ સમજી મગરૂરી દેખાડવા લાગ્યા. આ ઉપરથી ઈ૦સ૦ ૧૮૪૨માં અંગ્રેજ સરકારે સર ચાર્લસ નેપીયરને સિંધું નદીના હેઠલા દેશમાં મુલકી અને લડાઈ સબંધી બંદોબસ્ત કરવા સારૂ મુકરર કરી મોકલ્યો અને જે દીવસથી અંગ્રેજી

લશ્કર અફગાનીસ્તાનથી ઇ○ સ○ ૧૮૪૨ માં પાછું ફર્યું તે દિવસથી અંગ્રેજોની સિંધ ઉપર સખ્ત નજર થઈ અને મીરલોકોને એક સખ્ત ઓહદનામા ઉપર સહી કરવાને સર ચારલસ નેપીયરે લખ્યું. આ ઓહદનામું બીલકુલ સખ્ત હતું તેથી મીરલોકોની તે ઉપર સહીઓ કરવાની મરજી નહોતી. મેજર ઔટરામ જે તે વખતે અંગ્રેજો તરફથી મીરલોકો પાસે વકીલ હતો તેણે મીરલોકોને લડાઈ કરવાનાં નુકસાન સમજાવી અંગ્રેજોને તાબે થવાની સલાહ આપી. આખર મીર લોકો લાચાર થઇ તા. ૮ ફેબ્રુઆરી ૧૮૪૩ ના દિવસે એક દરબારમાં મેજર ઔટરામના રૂબરૂ સહીઓ કરી. મીરલોકોએ સહીઓ તો કરી ખરી પણ એ વાત તેમના બલોચ સરદારોને પસંદ પડી નહીં તેથી તારીખ ૧૫ ફેબ્રુઆરી સન ૧૮૪૩ ના દિવસે તેમણે મેજર ઔટરામની છાવણી ઉપર હુમલો કરેચો. મેજર ઔટરામ પાસે થોડું લશ્કર હતું તેની મદદથી તે પોતાને બચાવીને નાશી ગયો અને સર ચારલસ નેપીયરને મટારીના શેહેર પાસે જઈ મળ્યો. આ રીતે અંગ્રેજો અને મીરો વચ્ચે લડાઈ શરૂ થઈ.

સ○—એ ઓહદનામાની કેવી સરતો હતી?

જ○—આ ઓહદનામું ઈ○ સ○ ૧૮૪૩ નું કહેવાયછે. તેની સરતો નિચે પ્રમાણે હતી.

૧ કરાચી, ઠઠા, સખ્ખર ભખ્ખર અને રોહડીનાં શેહેરો અંગ્રેજોને હમેશ સારૂ આપવાં.

૨ અંગ્રેજો ઉપર હરેક જાતના કર અને માલ ઉપર મેહેસુલ માફ થાય.

૩ બેરપુરવાળા પ્રગણાનો આખો મુલક રોહડીથી તે સંબલકોટ સુધી ભાવલપુરના હાકેમને આપવો.

સ૦—અંગ્રેજોએ કેટલી લડાઇઓ મીરલોકો સાથે કરી અને આખર શું થયું ?

જ૦—અંગ્રેજોએ બે લડાઇઓ મીરલોકો સાથે કરી. પેહેલી મીઆણીની લડાઈ અને બીજી દબાની લડાઈ.

પેહેલી મીઆણીની લડાઈ હેદ્રાબાદથી ૩ કોશ છેટે મીરલોકો અને સર ચારલસ નેપીયર વચ્ચે થઈ. આ લડાઇમાં મીરલોકોના ૨૨૦૦૦ માણસો હતા અને અંગ્રેજોના ફકત ૨૮૦૦ માણસો હતા અને ૧૨ તોપો હતી. આ લડાઇમાં મીરલોકોના ૫૦૦૦ માણસો મુવા અને અંગ્રેજોના ફકત ૨૫૭ માણસો (જેમાં ૧૯ ઓફીસરો હતા) મુવા. આખર અંગ્રેજોની ફતેહ થઈ અને મીરલોકો હેદ્રાબાદવાળા હથીઆર છોડી અંગ્રેજોના તાબે થયા. આ લડાઇથી હેદ્રાબાદનું શેહેર અંગ્રેજોને હાથ આવ્યું.

બીજી લડાઈ મીર શેરમહમદખાન મીરપુરખાસના હાકેમ તથા સર ચારલસ નેપીયર વચ્ચે થઈ તેને દબાની લડાઈ કરીને કહેછે. મીર શેરમહમદ ૨૦૦૦૦ બલોચ સાથે લઇને આવ્યો. સર ચારલસ નેપીયરને સખરથી ૫૦૦૦ માણસોની મદદ આવી પોહોતી, દબાના પ્રગણામાં નારેજન પાસે ફુલેલીના કિનારા ઉપર મહોટી લડાઈ થઈ જેમાં બંને તરફવાળાઓએ બહાદુરી દેખાડી. આખર બલોચલોકોની હાર થઈ અને તેમનો સરદાર મીર શેરમહમદ નાઠો અને મીરપુર અને ઉમરકોટનાં પ્રગણાં અંગ્રેજોને મળ્યાં. આવી રીતે ટાલપુરલોકોનું રાજ સિંધમાંથી ગયું અને અંગ્રેજોનું રાજ શરૂ થયું.

સ૦—સિંધ ફતેહ કરવા પછી અંગ્રેજોએ મીરલોકો સાથે કેવી ચાલ ચલાવી ?

જ૦—મીર નસીરખાન અને તેના ભત્રીજા મીર શેહદાદખાન તથા મીર હસનઅલીખાન, મીર મહમદખાન,

મીર સુબ્હદારખાન એઓને અને શેરપુરવાળા મીર રૂસ્તમખાન તથા તેના ભત્રીજા મીર નસીરખાન અને વલીમહમદખાન એઓને કેદ કરી મુંબઈ મોકલ્યા; જ્યાંથી તેમને પુને લઈ ગયા. પછી ઈ૦ સ૦ ૧૮૪૪ માં તેમને કલકતે લઈ ગયા અને નજરબંધ રાખવામાં આવ્યા. આખર ઈ૦ સ૦ ૧૮૫૪ માં લાર્ડ ડલહોસી ગવરનર જનરલે મીરોને સિંધમાં પાછા આવવાની રજા આપી.

૧૨ અંગ્રેજલોકો.

સ૦—અંગ્રેજલોકોનું રાજ ક્યારે શરૂ થયું ?

જ૦—ઈ૦ સ૦ ૧૮૪૩ માં મીઆણી અને દબાની લડાઈઓમાં મીરલોકો હાર્યા તે દિવસથી અંગ્રેજોનું રાજ સિંધમાં થયું. તે આજ દિવસ સુધી ચાલેછે.

ઇસવીસન મુજબ ઇતિહાસની મુખ્ય હકીકત.

૩૨૮ ઇ.વી. પેહેલાં ૩૨૮માં સિકંદરબાદશાહ સિંધમાં આવ્યો.

૪૯૫-૬૩૨ ઇ.વી.માં પહેલો રાયવંશ થયો જેણે ૧૩૭ વરશ રાજ કર્યું.

૬૩૨ રાયવંશનો છેલો રાજા સહાસી (બીજો) મરણ પામ્યો તેનું વારસ કોઈ નહતું તેથી તેની રાણીએ તજવીજ કરીને તેના વજીર ચચ્ચને હાકેમ બનાવ્યો.

૬૩૨-૭૧૨ બીજો બ્રાહ્મણી વંશ થયો; જેણે ૮૦વરશ રાજ કર્યું.

૭૧૧ રાજા ડાહરના વખતમાં અરબલોકોએ સિંધ ઉપર ચડાઈ કરી.

૭૧૨ અરબલોકો અને રાજા ડાહર વચ્ચે અલોર પાસે મહોટી લડાઈ થઈ તેમાં રાજા ડાહર માર્યો ગયો અને અલોરનું શેહેર મુસલમાનોના હાથમાં આવ્યું.

૭૧૨—૯૮૫ આરબ લોકોએ સિંધમાં રાજ કર્યું ૨૭૩ વરસ.

૭૧૭ મહમદબીન કાસમને ખલીફે વલીદે ગાયના ચાંમડામાં સીવડાવી મુક્યો તેમાં ત્રીજે દિવસે તે ભુખ અને તરસથી મરી ગયો.

૭૫૦ બની ઉમીયહના વંશવાળાઓ પાસેથી બગદાદની હકુમત ગઈ અને અબાસ વંશવાળાઓના હાથમાં આવી. (૨) બગદાદના ખલીફા હારૂન અલરશીદે તુરાબઅલીને સિંધનો હાકેમ કરીને મોકલ્યો.

૭૮૭ શેખ તુરાબઅલી મરણ પામ્યો. તેની કબર ઠઠા પાસે હજી જોવામાં આવેછે.

૮૧૩ બશીરબીન દાઉદ સિંધનો હાકેમ હતો તેણે સ્વતંત્ર થવા સારૂ દંગો મચાવ્યો પણ પછી માફીની ઉમેદથી તે તાબે થયો.

૮૭૧ ખલીફા મોઅતમદના વખતમાં યાકુબ લુઇઝ સિંધનો નવાબ મુકરર થયો.

૮૭૯ યાકુબ લુઇઝ મરણ પામ્યો.

૯૮૫-૧૦૨૫ કરમેશિયાના લોકોએ ૪૦ વરશ રાજ કર્યું.

૧૦૨૫ મહમદ ગીજનીએ પોતાના વજીરે અબદલ રજાકને સિંધ લેવાને મોકલ્યો. અબદલ રજાકે સેવહણ તથા ઠઠાનાં શહેરો ફતેહ કર્યાં અને સિંધ મુલક તાબે કર્યો.

૧૦૩૨ અબન સુમાર મુલતાનનો હાકેમ હતો.

૧૦૫૧ સુમરાલોકોએ જોર કર્યું અને તાબેદારી છોડી દીધી. તેમણે પોતાની જાતના એક અબનસુમાર નામના માણસને પોતાનો સરદાર બનાવ્યો અને સિંધનું રાજ તેમણે લીધું.

૧૩૫૧ સુમરાલોકોનો છેલો હાકેમ હમીર સુમરો બહુ જુલમી હતો તેથી સમાલોકો તેની સામે થયા અને તેને મારી નાખી પોતાના સરદાર જામ ઉનડને ગાદીએ બેસાડ્યો.

૧૩૫૧-૧૫૨૧ સમાલોકોએ ૧૭૦ વરસ રાજ કર્યું.
૧૩૭૨ બાબુનીયાના દિવસમાં ફીરોજ તગલખ જે દિલ્લીનો બાદશાહ હતો તેણે સિંધ ઉપર ચડાઈ કરી.
૧૩૯૧ સમાલોકો મુસલમાન થયા.
૧૪૫૦ આદમશાહ નામે કલ્હોડા લોકોનો મુરશીદ થયો.
૧૫૨૦ અરગુનવંશના શાહબેગ નામે સરદારે સમાલોકોના છેલા હાકેમ જામ ફીરોજને નસાડી મુકીને પોતે હાકેમ થયો.
૧૫૨૧ સમાલોકોનું રાજ ગયું અને અરગુન વંશનું રાજ શરૂ થયું. અરગુન વંશનો પેહેલો હાકેમ શાહબેગ થયો.
(૨) શાહબેગ અને જામ ફીરોજ વચ્ચે ટલટી ગામ પાસે લડાઇ થઇ જેમાં જામ ફીરોજ હાર્યો અને શાહબેગ અરગૂન સિંધનો હાકેમ થયો.
૧૫૨૧-૧૫૫૪ અરગૂન વંશે ૩૩ વરસ રાજ કર્યું.
૧૫૨૨ શાહબેગ મરણ પામ્યો અને તેનો દીકરો મીરજાં શાહ હુસેન ગાદીએ બેઠો.
૧૫૨૬ મીરજાં શાહહુસેને મુલતાન અને અચ્ચનાં શેહેરોલીધાં.
૧૫૪૦ મીરજાં શાહહુસેનના દિવસમાં દિલ્લીના હુમાયુન બાદશાહને શીરશાહ નામે પઠાણે ગાદી ઉપરથી ઉઠાડી મુક્યો. હુમાયુને નાશીને સિંધમાં ૩ વરસ આશ્રો લીધો.
૧૫૪૨ ઉમરકોટ પાસે હુમાયુનનો દીકરો અકબર બાદશાહ જન્મ્યો.
૧૫૫૪ મીરજાં શાહહુસેન મરણ પામ્યો તેનું કોઈ વારસ નહોતું તેથી તેના બે સરદાર મીરજાં ઇસા અને સુલતાન મહમદ રાજના માલેક થયા. મીરજાં ઇશા તરખાન વંશનો હતો તેથી તરખાનવંશનું રાજ શરૂ થયું.
૧૫૭૧ મીરજાં મહમદ બાકી અને ભખરેવાળા સુલતાન મહમદના વચમાં તકરાર થયો તેથી કાયર થઇને મીરજાં મહમદ બાકીએ આપઘાત કર્યો. તેની પછી તેનો દીકરો મીરજાં જાનીબેગ ગાદીએ બેઠો.

૧૫૯૦ ભખરમાં અકબરનો સરદાર ખાનખાના હતો તેની અને મીરજાં જાનીબેગની વચમાં ઉનડપુર પાસે લડાઈ થઇ જેમાં મીરજાં જાનીબેગ હાર્યો અને સિંધની હકુમત અકબર બાદશાહના હાથમાં આવી; પણ મીરજાંજાની બેગની બહાદુરીથી ખુશ થઇ અકબર બાદશાહે સિંધની હકુમત પોતાના તરફથી મીરજાંજાની બેગને પાછી સોંપી.

૧૯૦૩ સખર વાળા દાઉદ પોત્રાઓએ માહારેસ નામે એક જોર વાળી જાત સાથે લડાઇ કરી અને તેમને હરાવ્યા. તેમણે પછી શિકારપુરનું શેહેર બાંધ્યું.

૧૭૦૧ કલ્હોડાલોકોમાં મુખ્ય માણસ યારમહમદ થયો તેણે દિલ્લી જઈ ત્યાંના બાદશાહ ઓરંગજેબને ખુશ કર્યો અને તેનો પ્યાર સંપાદન કર્યો.

૧૭૧૧ યારમહમદે કંઢીઆરો, લાડકાણું અને સીવીનાં પ્રગણાં તાબે કર્યા.

૧૭૧૯ યારમહમદ મરણ પામ્યો.

૧૭૩૬ મીયાં નુરમહમદ કલ્હોડો દિલ્લીના બાદશાહના તરફથી ઠઠાનો નવાબ મુકરર થયો.

૧૭૩૯ નુરમહમદ કલ્હોડાના દિવસમાં ઇરાનના બાદશાહ નાદીરશાહે હિંદુસ્તાન ઉપર ચડાઇ કરી અને સિંધનો મુલક દિલ્લીની બાદશાહીથી જુદો કરી ઇરાન સાથે જોડી દીધો.

૧૭૪૭ નાદીરશાહના મરણ પછી નુરમહદ કલ્હોડાનો મુલક એહમદશાહ દુરાની કંદહાર વાળાના તાબામાં આવ્યો.

૧૭૫૪ એહમદશાહે ખંડણીના પૈસા બરાબર નહીં પોહોચ્યાથી સિંધ ઉપર ચડાઈ કરી. નુરમહમદ જેસલમેર નાસી ગયો, જ્યાં તે મરણ પામ્યો. તેની પછી તેનો દીકરો મહમદ મુરાદ યારખાન ગાદીએ બેઠો.

૧૭૫૭ મહમદ મુરાદખાનને તખ્ત ઉપરથી ઉઠાડી મીઆં ગુ-

લામશાહ બેઠો પણ ભાઇઓની અણબનતને લીધે તેને રણ તરફ નાસી જવું પડયું.

૧૭૫૮ ગુલામશાહ કંદહાર જઇ પોતાને સિંધનો હાકેમ મુકરર કરાવી આવ્યો.

(૨) ઠઠા શેહેરમાં અંગ્રેજોએ કોઠી નાખી.

૧૭૬૧ ગુલામશાહને કંદહારથી શાહવરદીખાનનો ખેતાબ મળ્યો.

૧૭૬૨ ગુલામશાહે કચ્છ ઉપર હુમલો કર્યો અને જહાનાની મહોટી લડાઇ કરી.

૧૭૬૩ ગુલામશાહે બીજી વખત કચ્છ ઉપર હુમલો કર્યો અને લખપત તથા બસ્તાનાં બંદરો હાથ કર્યાં.

૧૭૬૮ ગુલામશાહે હેદ્રાબાદનું ગામ જેને આગળ નીરાન કોટ કહેતા હતા તેનો પાયો નાખ્યો.

૧૭૭૧ ગુલામશાહ મરણ પામ્યો અને તેની પછી તેનો દીકરો સરફરાજખાન ગાદીએ બેઠો.

૧૭૭૫ મીયાં સરફરાજખાને અંગ્રેજોની ઠઠા વાળી કોઠી કઢાવી નાખી.

૧૭૭૬ સરફરાજખાનના ઉપર રૈયત નારાજ થઇ તેથી તેને ગાદી ઉપરથી ઉઠાડી મુકયો અને કેદ કર્યો. પછી મીયાં મહમદખાનને લોકોએ ગાદીએ બેસાડ્યો.

(૨) એજ વરશમાં ટાલપુરલોકોએ મીઆં મહમદખાનને ગાદીએથી ઉતારી મીયાં સાદકઅલીને ગાદીએ બેસાડ્યો.

૧૭૭૭ મીઆં ગુલામનબીખાન સીંધનો હાકેમ થયો.

૧૭૮૧ કંદહારના હાકેમે સિંધ ઉપર ચડાઇ કરી પણ તેને મીર બીજારની મદદથી અબદલનબીએ હરાવ્યો.

(૨) કલ્હોડાલોકોની હકુમત ગઈ અને ટાલપુરનું રાજ શરૂ થયું.

૧૭૮૧–૧૮૪૩ ટાલપુરલોકોએ ૫૨ વરસ રાજ કર્યું.

૧૮૦૧ મીર ફતેહઅલીખાન મરણ પામ્યો.

૧૮૦૯ અંગ્રેજો અને મીરલોકો વચ્ચે એહદનામું થયું જેથી અંગ્રેજો તથા મીરોની મિત્રચારી થઈ.

૧૮૧૧ મીર ગુલામઅલીખાન મરણ પામ્યો.

૧૮૨૫ મીર કરેમઅલી અને મીર મુરાદઅલીએ કચ્છના રાજા ઉપર હુમલો કર્યો કચ્છનો રાજા અંગ્રેજોનો દોસ્ત હતો તેથી અંગ્રેજોએ તેને મદદ કરી. પણ મીરલોકો તરતજ સમજી ગયા અને અંગ્રેજ તથા મીરો વચ્ચેની દોસ્તી કાયમ રહી.

૧૮૨૮ મીર કરમઅલી બેવારસ થઈ મરણ પામ્યો.

૧૮૩૨–૧૮૩૪ અંગ્રેજ અને મીરો વચ્ચે બે નવા અંજામનામાં થયાં. એક ૧૮૩૨ માં બીજું ઈ૦ સ૦ ૧૮૩૪ માં એથી અંગ્રેજોને આખા સિંધમાં આવવા જવાની રજા મળી અને અંગ્રેજી વેપારીઓને સિંધુ નદી ઉપર આગબોટ ચલાવવાની રજા મળી પણ અંગ્રેજોએ એવો કરાર કરી આપ્યો કે કોઇપણ અંગ્રેજ ઘણો વખત સિંધમાં રહે નહીં તથા તેઓએ લશ્કરી સામાન કે વહાણ સિંધુ નદીઉપર લાવવું નહીં.

૧૮૩૮ મીર નુરમહમદના વખતમાં રાજા રણજીતસીંગ સાથે મીરલોકોની દુશ્મની થઇ પણ અંગ્રેજસરકારે વચમાં પડી સલાહ કરાવી દીધી તેથી અંગ્રેજોને મીરલોકોએ પોતાને ત્યાં વકીલ રાખવાની રજા આપી. કરનલ પોટીંજર પહેલો અંગ્રેજી વકીલ હેદ્રાબાદમાં આવ્યો.

૧૮૩૯ અંગ્રેજી લશ્કરે મુંબઇથી સિંધમાં રહેવાને આવ્યું.

૧૮૪૧ મીર નુરમહમદ મરણ પામ્યો અને તેના પછી તેના બે દીકરા મીર શેહદાદ અને મીર હસનઅલીખાન તેમના કાકા નસીરખાનની સાથે રાજ કરવા લાગ્યા.

૧૮૪૨ સર ચારલસનેપીયરે ઇંગ્રેજ સરકાર તરફથી હૈદ્રાબાદ ઉપર ચડાઈ કરી.

૧૮૪૩ મીઆણીની લડાઈ હૈદ્રાબાદથી ૩ કોસ છેટે મીર લોકો અને સરચારલસ નેપીયર વચ્ચે થઈ. મીરલોકો હાર્યા અને હથીઆર છોડી અંગ્રેજોની તાબેદારી કબુલ કરી.

(૨) દબાની લડાઈ મીર શેરમહમદખાન મીરપુર ખાસના હાકેમ અને સર ચારલસ નેપીયર વચ્ચે થઇ; એ લડાઇમાં બંને તરફવાળાઓએ બહાદુરી દેખાડી. આખર મીર શેરમહમદ હાર્યો અને મીરપુર તથા ઉમરકોટનાં પ્રગણાં અંગ્રેજોને મળ્યાં.

(૩) સિંધના મીરલોકોને નજરબંધ કરી મુંબઈ મોકલવામાં આવ્યા અને ત્યાંથી પુને મોકલ્યા.

૧૮૪૪ સિંધના મીરલોકોને પુનેથી કલકતે મોકલવામાં આવ્યા.

(૨) લાર્ડ ડેલહૌસી ગવરનર જનરલે મીરલોકોને પાછા સિંધમાં જવાની રજા આપી.

સમાપ્ત.

સિંધની ભૂગોળ.

પ્રકરણ ૧ લું.

૧. શબ્દોની વાખ્યા.

જમીનનો ભાગ ઘણો ઉંચો હોય તેને પર્વત અથવા સિંધી બોલીમાં જબલ કહેછે.

ચોતરફ જમીનથી વીંટાએલા પાણીના ભાગને સરોવર અથવા સિંધી બોલીમાં ઢંઢ કહેછે.

મીઠા પાણીનો જે પ્રવાહ પર્વતમાંથી કે સરોવરમાંથી નીકળી ઢળતી જગ્યામાં થઈ સમુદ્રને મળેછે તેને નદી કહેછે.

મહોટી નદીમાંથી ખેતીવાડી સારૂ પાણી લઈ જવાને નહેરો ખોદેલી હોયછે તેને વાહ કહેછે.

ચોમાસામાં પાણીનો મહોટો પ્રવાહ વહી જવાના રેતાળ માર્ગને વોકળું અથવા સિંધી બોલીમાં નય કહેછે.

કાગળ અથવા લુગડા ઉપર કોઈ દેશનો આકાર ચિત્રેલો હોય તેને તે દેશનો નકશો કહેછે.

૨. દિશાઓ.

જે દિશામાં સુરજ ઉગેછે તેને પૂર્વ દિશા કહેછે.

જે દિશામાં સુરજ આથમેછે તેને પશ્ચિમ દિશા કહેછે.

પૂર્વ દિશા ભણી મ્હો કરી ઉભા રહીએ તો ડાબા હાથ તરફ ઉત્તર દિશા અને જમણા હાથ તરફ દક્ષિણ દિશાછે.

નકશા ભણી મ્હો કરી ઉભા રહીયે તો ઉપરની તરફ

ઉત્તર દિશા, હેઠળની તરફ દક્ષિણ દિશા, જમણા હાથ તરફ પૂર્વ દિશા અને ડાબા હાથ તરફ પશ્ચિમ દિશા છે.

પ્રકરણ ૨ જું.

सिंध देशनुं वर्णन.

એ દેશની રાજધાની કરાચી છે, ત્યાં કમીશનર સાહેબ રહેછે. એ દેશની ઉત્તરે બલુચિસ્તાન, કિલાત, પંજાબ, અને ભાવલપુરનો થોડો ભાગછે. પૂર્વે ભાવલપુર, જેસલમેર અને જોધપુર છે. દક્ષિણે કચ્છનું રણ તથા અરબી સમુદ્ર છે અને પશ્ચિમે હાલા અને સુલેમાનનાં જંગલ છે. સિંધ દેશની મહોટામાં મહોટી લંબાઈ ૩૪૦ મૈલ તથા મહોટામાં મહોટી પહોળાઈ ૨૬૦ મૈલ છે. એ દેશ સિંધુ નદીના બંને કાંઠા ઉપર છે તેથી તેનું નામ સિંધ પડ્યું છે. સિંધુના કાંઠાનો પ્રદેશ ઘણો રસાળ અને સારો ખેડાએલો છે. સિંધના હરેકોઈ ભાગમાં વરસાદ થોડોજ વરસે છે. પણ માર્ચથી સપટેમ્બર માસ સુધીમાં સિંધુ નદીમાં પાણી ચડેછે તેથી તેની આસપાસના મુલકમાં ફરી વળેછે. ખેતરોમાં પાણી પુરૂં પાડવા માટે ઘણી નહેરો ખોદેલી છે. તેને વાહ કહેછે. એ દેશ કમીશનર સાહેબના તાબામાંછે; તેના પાંચ ભાગ કરેલા છે.

१ कराची जिल्लो. २ हेद्राबाद जिल्लो. ३ शिकारपुर जिल्लो. ४ सिंघनी उपली सरहदनो मुलक. ५ थरपारकर जिल्लो.

સિંધમાં દેશીરાજ ખેરપુરનું છે તેમાં મીર સાહેબ મીર અલી મુરાદખાન રાજ કરેછે.

करांची जिल्लो.

આ જીલ્લામાં એક કલેકટરસાહેબ તથા ત્રણ ડેપ્યુટી કલેકટર રહેછે. એમાં ૧૩ તાલુકા છે.

૧ સેવહણના ડેપ્યુટીકલેકટર સાહેબના હાથ નિચે પાંચ તાલુકા છે.

૧ સેવહણ. ૨ દાદુ. ૩ માજહંદ. ૪ કોટડી. ૫ જોહી.

૨ ઝિરકના ડેપ્યુટીકલેકટર સાહેબના હાથ નિચે ચાર તાલુકા છે.

૧ કરાચી. ૩ ઘોડાબારી.
૨ ઠઠો. ૪ મીરપર સાકરો.

૩ શાહબંદરના ડેપ્યુટીકલેકટર સાહેબના હાથ નિચે ચાર તાલુકા છે.

૧ શાહબંદર. ૩ મુજાવલ.
૨ જાતી. ૪ મીરપુર બઠોરો.

મુખ્ય શેહેર—કરાચી એ મહોટું બંદર છે. અને તેમાં મહોટાં વહાણ તથા આગબોટો સહીસલામત રહી શકે છે. આ શેહેરમાં સિંધનો મહોટો હાકેમ કમીશનર સાહેબ રહેછે. આ શેહેરમાં જાણવા લાયક ઇમારત ફ્રેઅર હાલ છે તેમાં એક અજાયબ ખાનું રાખેલું છે. મંઘોપીર એ કરાચીથી ૯ મૈલ છે તેમાં ઊના પાણીના ઝરા છે. અને ઘણા મચ્છર છે. કોટડી, ઠઠા, શાહબંદર, શેવહણ, માજહંદ, કેટીબદર, ઘોડાબારી, નીરપુરસાકરો, બેલો, મુગલબીન વિગેરે આ જીલ્લામાં બીજાં મહોટાં શેહેર છે.

૨. હૈદ્રાબાદ જિલ્લો.

આ જીલ્લો સિંધુ નદીની પૂર્વે છે. આ જીલ્લામાં એક કલેકટર સાહેબ તથા ચાર ડેપ્યુટીકલેકટર રહેછે.

૧ હૈદ્રાબાદના ડેપ્યુટીકલેકટર સાહેબના હાથ નિચે ફકત એક તાલુકો છે.

૧ હૈદ્રાબાદ તાલુકો.

૨ ટંડાના ડેપ્યુટીકલેક્ટરસાહેબના હાથ નિચે ચારતાલુકાછે.

૧ ગુની.	૩ ટંડો બાગો.
૨ બદીન.	૪ દેરો મોહબત.

૩ હાલાનના ડેપ્યુટીકલેકટર સાહેબના હાથ નિચે ચાર તાલુકા છે.

૧ હાલા.	૩ મીરપુર ખાસ.
૨ શેહદાદપુર.	૪ ટંડો અલહયાર.

૪ નવ શહેરો ફીરોજના ડેપ્યુટીકલેકટર સાહેબના હાથ નિચે ચાર તાલુકા છે.

૧ નવ શેહેરો ફીરોજ.	૩ મોરો.
૨ કંઢીયારો.	૪ સકરંદ.

મુખ્ય શહેર—હૈદ્રાબાદ એ મહોટું શહેર છે. જરીનાં ભરત અને હાથી દાંતની કારીગરી વાસ્તે આ શહેર પ્રખ્યાત છે આ શહેરના ઉત્તરમાં મીર સાહેબોના કુબા જોવા લાયક છે. હાલા, ટંડો મહમદખાન, મીરપુર ખાસ ટંડો અલહયાર, ટંડોભાગો, બદીન, મટારી, સકરંદ, નવ શહેરો, મોરો, વિગેરે આ જીલ્લામાં બીજાં મહોટાં શહેર છે.

૨. शिकारपु जिल्लो.

આ જીલ્લામાં એક કલેકટર સાહેબ તથા ચાર ડેપ્યુટી કલેકટર રહેછે. એમાં ૧૪ તાલુકા છે.

૧ સખરના ડેપ્યુટીકલેકટર સાહેબના હાથ નિચે ત્રણ તાલુકા છે.

૧ શિકારપુર.	૨ સખર.	૩ નોશહેરો અબડો.

૨ લાડકાણાના ડેપ્યુટીકલેકટર સાહેબના હાથ નિચે ચાર તાલુકા છે.

૧ લાડકાણું.	૩ કંબર.
૨ લબદરીયા.	૪ રતોદેરો.

૩ રોહડીના ડેપ્યુટીકલેકટર સાહેબના હાથ નિચે ચાર તાલુકા છે.

૧ રોહડી.	૩ મીરપુર માથેલો.
૨ ગોટકી.	૪ ઉબાવડો.

૪ મેહડના ડેપ્યુટીકલેકટર સાહેબના હાથ નિચે ત્રણ તાલુકા છે.

૧ મેહડ. ૨ નસીરાબાદ. ૩ કકડ.

મુખ્ય શહેર—**શિકારપુર** એ મોહોટી વેપારની જગ્યા છે. **સખર** એ સિંધુ નદીના કાંઠા ઉપર મહોટું વસ્તી વાળું બંદર છે તેમાં કલેકટર સાહેબ રહેછે. એમાં જોવા લાયક એક મીનારો છે તેને મોસુમશાહનો મીનારો કહેછે. **સખર** અને રોહડીના વચમાં સિંધુ નદીમાં એક બેટ છે તેને **ભખર**નો બેટ કહે છે; તેમાં કિલ્લો બાંધેલો છે. સખરથી રોહડી જતાં આગગાડીનો પુલ ભખરના કિલ્લા ઉપરથી લઈ જવામાં આવ્યો છે. **રોહડી**, **લાડકાણું**, **મેહડ રતોદેરો**, **ગોટકી**, **ઉબાવડો**, **કુંબર**, **કકડ**, **લખી**, વિગેરે બીજાં મહોટાં શહેરો આ જીલ્લામાં છે.

૪. सिंधनी उपली सरहदनो मुलक.

આ જીલ્લો એક ડેપ્યુટીકમીશનર સાહેબના હાથ નીચે છે, તેમાં ચાર તાલુકા છે.

૧ જેકબાબાદ.	૩ ટુલ.
૨ કશમુર.	૪ શેહદાદપુર.

મુખ્ય શહેર—**જેકબાબાદ**, તે એક મહોટું વસ્તીવાળું શહેર છે તેમાં ડેપ્યુટીકમીશનર સાહેબ રહે છે. બીજા મહોટાં શહેર **મીરપુરટુલ**, **કશમુર**, વિગેરે આ જીલ્લામાં છે.

૫. थरपारकर जिल्लो.

આ જીલ્લો એક ડેપ્યુટીકમીશનર સાહેબના તાબા નિ-

એ છે. આ જીલ્લો સિંધ કરતાં રીતભાતમાં મારવાડ, ગુ-
જરાત અને કચ્છને વધારે મળતો છે. ઘણું કરીને ધાટકી
બોલી લોકો બોલે છે તે બોલીમાં ગુજરાતી, મારવાડી અને
સિંધીનો ભાગ છે. કેળવણીમાં આ જીલ્લો સિંધના બીજા
જીલ્લાઓ કરતાં ઉતરતો છે. આ જીલ્લામાં એક એંગ્લો વર-
નાક્યુલર સ્કુલ તથા ૧૨ બીજી નિશાળો છે. આ નિશા-
ળોમાં આગળ ફક્ત ગુજરાતી શિખવતા પણ હવે સિંધી
બોલી પણ શિખવવામાં આવેછે. અને દેશીલોકોને સર-
કારી નોકરીમાં દાખલ કરવા સારૂ સરટીફીકેટની પરિક્ષા
ઉમરકોટમાં કામેટીની મારફત લેવાય છે. આ જીલ્લામાં
સાત તાલુકા છે.

૧ ઉમરકોટ. ૨ નારો. ૩ સાંઘડ. ૪ મીઠી.
૫ છાછરો. ૬ ડીપલો. ૭ નગર પારકર.

મુખ્ય શહેર—ઉમરકોટ. એ જીલ્લામાં મહોટું શહેર છે. આ શેહેર થોડા વરસ ઉપર ઘણું વસ્તી વાળું હતું પણ નાળામાં પાણી ઘણું વધવાથી ઇ. સ. ૧૮૭૪ માં આ શહેરની ચોતરફ પાણી ભરાઈ ગયું હતું; જેથી ઘણી ઈ-મારતો અને બાગ નાશ થઈ ગયા. પાણીની સરદીથી બીમારી પેદા થઈ અને ઘણા માણસો મરી ગયા તથા બીજા ગામ છોડી ચાલ્યા ગયા. હાલ આ શહેર આબાદ થતું જાય છે. આ શેહેરમાં હેદ્રાબાદથી આગગાડી લા-વવાનો થોડા દિવસથી વિચાર ચાલે છે તે જો નક્કી થશે તો આ શેહેરની રોનક આગળથી પણ વધારે થઈ પડશે. મારવાડનું નાકું આ શહેર છે તેથી તેમાં વેપાર વધશે. આ શહેરમાં અસલની વખતનો એક કિલ્લો છે તેમાં ડેપ્યુટીકમીશનર સાહેબ સારૂ એક વખાણવા લાયક બંગલો બાંધેલો છે તથા એક બાગ છે. એ સિવાય એ કિલ્લામાં

ડેપ્યુટીકમીશનર સાહેબની આફીસ, મુખત્યારકાર સાહેબની આફીસ, જેલ અને પોલીસનું થાણું છે. આ શહેર અકબર બાદશાહના જન્મ માટે જગપ્રખ્યાત છે. આ જીલ્લામાં છાછરો, મીઠી, ચેલાર, ઈસલામકોટ, ગઢડો, નગરપારકર, વીરાવાવ, કાસબો, વંગાબાજાર, નબીસર, છોળ, જુડો, સામારો, ખીપરો, સાંધડ, પેથાપુર, વીગેરે બીજા મહોટાં ગામ છે.

सिंधना जबल. (पहाड)

સહુથી મહોટો જબલ ૧ હાલારનો છે. તે કીલાત અને સિંધની વચ્ચેની સરહદ છે. ૨ ખીરથર, કરો અને પબ જબલ સિંધની પશ્ચિમની સરહદ ઉપર છે. ૩ લકીના જબલ હાલારમાંથી નિકળી સેવહણની દક્ષિણે સિંધુ નદી સુધી ગયા છે.

૪ મહન, કરટા, કામબો અને સરજાન, એ જબલ કરાચી જીલ્લામાં છે અને હાલારે જબલમાંથી નિકળ્યાછે. ૫ મોરપબ જબલ કરાચી જીલ્લામાં લસબેલના ઈલાકામાં છે. ૬ ડારહીયાડો જબલ લાડકાણાની પશ્ચિમે કીલાતના ઈલાકામાં છે. ને સારી હવાને વાસ્તે પ્રખ્યાત છે તેથી ગરમીની મોસમમાં ઘણા અંગ્રેજો હવા ખાવા ત્યાં જાયછે. ૭ કારૂંઝર જબલ થરપારકર જીલ્લાના નગર શહેર પાસેછે.

सिंधनी नदीयो.

૧. સિંધુ નદી જેને મેહરાણ પણ કહેછે. એ હિમાલય જબલની ઉત્તરે ટિબેટમાંથી નિકળી ૧૭૦૦ મૈલ વહી કેટી બંદર પાસે અરબી સમુદ્રને મળે છે. સિંધ પ્રાંતમાં આ નદી મીઠણ કોટથી કેટી બંદર સુધી ૪૦૦ મૈલછે. આ નદી ઉપર સખર, રોહડી, સેવહણ, માંજંદા. કોટડી, ગીદુ બંદર, કેટી બંદર, ઠઠો, ઝીરક, મહોટાં શહેર છે.

૨. હબનદી એ બલોચિસ્તાન જબલમાંથી નિકળી સિંધ અને લસબેલાની હદ ઉપર વહી અરબીસમુદ્રને મળે છે.

સિંધુ નદીની फाट. (મહોટી નહેરો.)

સિંધુ નદીમાંથી મહોટા વાહ ૬ નિકળ્યા છે.

૧ ઉભરન્દોનારો.	૪ પીંયારી વાહ.
૨ ઉલ્હન્દોનારો.	૫ બઘાડ વાહ.
૩ ફુલેલી વાહ.	૬ સતાહ વાહ.

૧. ઉભરન્દો નારો રોહડી પાસે નિકળી અગ્નીખુણ તરફ વહી **મખીની** ઢંઢમાં પડેછે.

૨. ઉલ્હન્દોનારો લાડકાણાની પાસે નિકળી મેહડ પાસે થઇને **મંછરની** ઢંઢમાં પડેછે. વળી મંછરમાંથી એક બીજો ફાટ નિકળી સિંધુ નદીમાં પડેછે તેને **અડળ** કહે છે. ઉલ્હન્દોનારો જે ભાગમાં વહેછે તે મુલકને **ચાંડકો** કહેછે.

૩. ફુલેલી એ હેદ્રાબાદની ઉત્તરે ૧૨ માઇલને છેટે નિકળે છે અને અગ્નીખુણમાં વહેછે. આ મહોટાં વાહને ટંડા મહમદખાનથી આગળ **ગુનીનું** નામ આપ્યું છે.

૪. પીંયારી એ હેદ્રાબાદની દક્ષિણે ૪૦ મૈલ ઉપર બની નામે ગામ પાસે નિકળે છે અને મુગલબીનની પાસે ગગરી ઢંઢમાં પડે છે.

૫—૬. બઘાડ અને સતાહ એ બંને ઠઠાની પાસે છે.

સિંધના વાહ.

ઉપર લખેલા ફાટથી નહાના વાહ નિચે આપેલા છે.

શિકારપુર જીલ્લામાં.

૧ મહોટો બેગારી વાહ.	૩ ઘાડ વાહ.
૨ સિંધ વાહ.	૪ સખર વાહ.

મહોટો બેગારી વાહ એ બલદકીમાંથી નિકળ્યો છે. એ-

માંથી નુરેવાહ નામે એક વાહ નિકળે છે તે જેકબાબાદ તરફ વહેછે.

સિંધવાહ એ આબાદ ગામ પાસેથી નિકળી શિકારપુર ગામ પાસે થઇને વહેછે.

સખ્ખરવાહ એ સખ્ખરની પાસે નિકળી અલાહદાદાણી ગામ પાસે સિંધ વાહને મળે છે.

હૈદ્રાબાદ જિલ્લામાં.

૧ નવલખી વાહ.	૪ ઇમામવાહ.	૭ ઘહલો વાહ.
૨ અલીબહરેવાહ.	૫ દાદુવાહ.	૮ મારખવાહ.
૩ નસીરવાહ.	૬ સાંગરોવાહ.	

વીગેરે બીજા નહાના વાહ છે.

કરાચી જિલ્લામાં.

૧ કલ્હરીવાહ, મુખ્ય વાહ છે.

થરપારકર જિલ્લામાં.

૧ મીઠરાઉ અથવા ભાન વાહ. ૨ થર વાહ.

ખેરપુરના દેશીરાજમાં.

૧ મીર વાહ, મુખ્ય વાહ છે.

સિંધની નયુ (વાંકળા)

સિંધમાં મુખ્ય પાંચ નયુ છે.

૧ નય ગાજ. ૪ નય મલીર.

૨ નય મુહન. ૩ નય બારન. ૫ નય લયારી.

૧ નય ગાજ, એ ખીરથર જબલમાંથી નિકળી ફુલજી પાસે ઉલ્હન્દા નારાને મળે છે.

૨ નય મુહન, એ રનીકોટ પાસે નિકળી સન ગામ પાસે સિંધુ નદીને મળે છે.

૩ નય બારન, એ કોટડી પાસે થાણ ગામ આગળ સિંધુ નદીને મળે છે.

૪ નય મલીર, એ કરાચી પાસે છ ગાઉ ઉપર છે.

૫ નય લયારી, એ કરાચી પાસે છે.

સિંધની ઢંઢ. (સરોવર)

સિંધમાં મુખ્ય પાંચ ઢંઢ છે.

૧ મનછરની ઢંઢ
૨ કનઝૂર અને સોનહરી ઢંઢ.
૩ હાલેજીની ઢંઢ.
૪ સૂમરી ઢંઢ.
૫ મખીની ઢંઢ.

૧. મનછરની ઢંઢ, એ સેવહણ પાસે દશ મૈલ પોહોળી છે.

૨. કનઝૂર અને સોનહરી ઢંઢ, એ નગરઠઠા અને ઝીરકની વચે છે.

૩. હાલેજીની ઢંઢ, એ કરાચી જીલામાં ગજી ગામની ઉત્તરે છે.

૪. સુમરી ઢંઢ, એ થરપારકર જીલ્લામાં ઉમરકોટની પશ્ચિમે છે.

૫. મખીની ઢંઢ, એ થરપારકર જીલ્લામા સાંઘડની પુર્વે છે.

સિંધમાં અનાજનો પાક.

આ મુલકમાં બે પાક થાય છે. એક ખરીફ અથવા કતી અને બીજો રબી અથવા ચેટ. ખરીફ જ્યારે સિંધુ નદીમાં પાણી ચડે છે ત્યારે વાવે છે અને કતી એટલે કારતગ માસમાં તૈયાર થાયછે. આ પાકમાં જુવાર, તલ, સારીઓ (ડાંગર,) બાજરી, કપાસ, સેલડી, એ મુખ્ય છે.

રબીનો પાક સિંધુ નદીમાં પાણી ઉતરી ગયા પછી બીનાસ વાળી જમીનમાં વાવે છે અને ચેટ એટલે ચૈતર માસમાં તૈયાર થાયછે. આ પાકમાં ઘઉં, ચણા, સરેહ, જાંબો, મટર અને ચોણું એ મુખ્ય છે.

સિંધની કારીગરી.

હૈદ્રાબાદ સોનેરી ભરત વાસ્તે પ્રખ્યાત છે. હાલનમાં

જંડીનું કામ સારૂં થાયછે. હાલન અને નસરપુરમાં કાસીનું કામ વખણાય છે. ભુભકમાં ગાલીચા બને છે. નસરપુર, ગંબટ, રાણીપુર અને લાડકાણામાં વણતરની કારીગરીનું કામ થાય છે. જેમકે-ખેસ, ચાંદની, સુસી વિગેરે બીજાં લુગડાં સારાં બનેછે. ઠઠામાં લુધીઓ, ગરભી અને અજરક સારાં બનેછે. થરપારકર રેશમનાં ભરત વાસ્તે પ્રખ્યાત છે. ઉમરકોટમાં પાણીના મતારા સારા બનેછે.

સમાપ્ત.

મહારાણીજીની જુબીલી.

નેક નામદાર મહારાણીજીને તખ્ત ઉપર બેઠાને ૫૦ વરસ પુરાં થયાં તેની ખુશી જાહેર કરવાને હિંદુસ્તાનમાં તારીખ ૧૬ ફેબ્રુઆરી સન ૧૮૮૭ નો દિવસ મુકરર કરયો હતો. તે દિવસે હિંદુસ્તાનના દરેક ભાગમાં જુબીલીના મહીમાએ પ્રજાને મહોટી ખુશીમાં નાખી હતી. આ દિવસ ઇતિહાસમાં નોંધવા જેવો થયોછે તેથી આ પ્રસંગે થરેપારકર જીલ્લાના ઘણા માણસોની મરજીથી એ જીલ્લામાં જુબીલીના ઓચ્છવની થોડી વિગત આપી છે.

બાદશાહી કુટંબને લગતી હકીકત.

નામદાર મહારાણીજીનો જન્મ ઈ૦ સ૦ ૧૮૧૯ માં તારીખ ૨૪ મેએ ને દીવસે થયો અને તેમના કાકા રાજા ચોથા વીલીઅમના મરણથી ઈ૦ સ૦ ૧૮૩૭ ની તારીખ ૨૦ જુનને દિવસે તેઓ ગાદીએ બેઠાં હતાં. ત્યાર પછી ઈ૦ સ૦ ૧૮૪૦ ના ફેબ્રુઆરીમાં સેક્ષોબર્ગ અને ગોથાના શાહાજાદા, સાકસનીના ડયુક અને જરમનીના એક પ્રાંતના રાજવંશી પ્રીન્સઆલબર્ટની સાથે એ નામદારનાં લગ્ન થયાં હતાં. એ શાહજાદો ઈ૦ સ૦ ૧૮૬૧ માં મરણ પામ્યો ત્યાં સુધી મહારાણીજી અનીશે સુખી જીંદગી ભોગવતાં હતાં જે દરમીયાન તેમને નિચે પ્રમાણે ફરજંદોની વૃદ્ધી થઈ હતી.

નામદાર મહારાણીજીની પેહેલી દીકરી પ્રીનસેસ રાયલ શાહજાદી લુઇસાનો જન્મ ઈ૦ સ૦ ૧૮૪૦ ના નવેમ્બર માસમાં થયો અને તેનાં ઈ૦ સ૦ ૧૮૫૮ માં જરમનીના પાટવીકુંવર સાથે લગ્ન થયાં. બીજું ફરજંદ ઇગ્લાંડના રાજનો પાટવીકુંવર અને આપણા ભવિષ્યના શેહનશાહ

આલબર્ટ એડવર્ડ, પ્રીન્સ ઑફ વેલ્સનો જન્મ ઇ૦ સ૦ ૧૮૪૧ ના નવેમ્બર માસમાં થયો. એ નામદાર ઇ૦ સ૦ ૧૮૬૩ ના માર્ચ મહીનામાં ડેનમાર્કના રાજાની વડી દીકરી સાથે પરણ્યા. ઇ૦ સ૦ ૧૮૪૩ માં પ્રીનસેસઆલીસ જન્મી હતી. તે ઇ૦ સ૦ ૧૮૭૮ માં ગુજરી ગઇ છે. તેના પછી બીજા પુત્ર પ્રીન્સ આલફ્રેડ અરનેસ્ટ આલબર્ટ, ડ્યુક ઑફ એડીનબર્ગનો જન્મ ઇ૦ સ૦ ૧૮૪૪ માં થયો. તે નામદારનાં લગ્ન ઇ૦ સ૦ ૧૮૭૪ માં રૂશીયાના શાહનશાહની વડી દીકરી સાથે થયાં. તે પછી ઇ૦ સ૦ ૧૮૪૬ માં શાહજાદી હેલીનાનો જન્મ થયો. પછી ઇ૦ સ૦ ૧૮૫૦ માં આપણો હાલનો કમાંડર ઇન ચીફ નામદાર ડ્યુક ઑફ કોનાટ જનમ્યો; તેનાં લગ્ન પ્રુશીયાની શાહજાદી મારગરેટ સાથે ઇ૦ સ૦ ૧૮૭૯ માં થયાં. અને મહારાણીજીનો સહુથી નહાનો અને પ્યારો પુત્ર પ્રીન્સ લીઓપોલ્ડ, ડ્યુક ઑફ આલબની ઇ૦ સ૦ ૧૮૫૩માં જનમ્યો અને ઇ૦ સ૦૧૮૮૪ માં મરણ પામ્યો. છેલી તેમજ સહુથી નહાની દીકરી પ્રીનસેસ બીએટ્રીસ ઇ૦સ૦૧૮૫૭માં જનમી હતી તેણીના લગ્ન ૧૮૮૫ માં બેટનબર્ગના શાહજાદા હેનરી સાથે થયાં છે.

થરપારકરમાં જુબીલીનો ઓચ્છવ.

આ ઓચ્છવને માટે જીલ્લાનાં જુદાં જુદાં ગામોમા વિવિધ પ્રકારની તૈયારીયો થઇ રહી હતી. એ પ્રજાની મહારાણીજી ઉપરની સંપૂર્ણ પ્રીતી બતાવે છે. જીલ્લાની હાલતના પ્રમાણમાં આ ઓચ્છવ ઘણોજ સરસ રીતે ઉજવવામાં આવ્યો હતો. સદર સ્ટેશન ઉમરકોટમાં વખાણવાલાયક બંદોસ્ત થયો હતો. આ વખતના ખરચ માટે પૈસાનું ઉઘરાણું કરયું હતું તેમાં રૂ૩૦૦૦ ના આસરે ભરાયા હતા. આ રકમનો ખરચ ઘણોજ સરસ રીતે થયો એ સંતોષકારક છે.

ઉમરકોટના કિલ્લામાં પડેલી કલ્હોડાના વારની જુની તોપો સાફ કરાવીને જુબીલીને દહાડે છોડવામાં આવી હતી. જુબીલીને દહાડે કિલ્લામાં સવારમાં મ્હોટી દરબાર ભરવામાં આવી. ત્યાંના જેલના કેદીઓમાંથી સુમારે ૨૫૦ ને શિક્ષાની માફી આપવામાં આવી. પછી મ્યુનીસીપાલ તરફથી અને બીજાઓ તરફથી મુબારક બાદીના એડ્રેસો આપવામાં આવ્યા. સ્કૂલના છોકરાઓને વારષિક ઇનામો વેહેચવામાં આવ્યા બાદ હેડમાસ્તરે તે પ્રસંગ માટે તૈયાર કરેલી કવિતા કહી સંભળાવી. પછી નબીસરના સ્કૂલમાસ્તર ધારસીએ અને ભોજક કીશનદાસે બનાવેલી કવિતાઓ વાંચવામાં આવી. આ પછી સ્કૂલના છોકરાઓએ મહારાણી સાહેબની જયના પોકાર કરયા અને દરબાર બરખાસ્ત થઈ. બપોરે સર્વ માણસોએ પોત પોતના ધર્મ પ્રમાણે ઇશ્વર પ્રાર્થના કરી કે માહારાણીજીની રક્ષા કરો અને તેની લાંબી ઉમર થાઓ. પછી જીલ્લાના ડેપ્યુટી કમીશનર સાહેબ તેમનાં મડમ સાહેબ સાથે સ્કૂલમાં પધારયા, ત્યાં સ્કૂલના વિદ્યાર્થીઓએ તેમને જય જયના પોકારોથી વધાવી લીધા. સ્કૂલની જગ્યા સારી શણગારવામાં આવી હતી. ચોતરફ વાવટાઓ ઉડી રહ્યા હતા અને ઠેકાણે ઠેકાણે 'મહારાણીજીની જય' 'મહારાણીજીની મહોટી ઉમર' 'ખુશીનો દહાડો' 'ભલે પધારયા સાહેબ' વિગેરે સોનેરી અક્ષરમાં દીપી રહ્યું હતું, તે વખત સ્કૂલમાં એક મોહોટું વાજીં રાખ્યું હતું તેણેતો તે વખત હાજર રહેલા માણસોનાં મન ખુબ મોહ્યાં. પછી જય જયના પોકારો વચ્ચે સાહેબ બહાદુર તથા મડમસાહેબ ગાડી ઉપર ચઢી કિલ્લા તરફ રવાના થયા. આશરે ત્રણ વાગે શેહેરની ઉત્તર તરફ તૈયાર કરેલા મેદાનના મોહોટા ઓટા ઉપર મોહોટી દરબાર ભરાઇ, તેમાં મોહોટા મોહોટા જાગીરદારો, જમીનદારો

અને ઉમરાવો હાજર હતા. મીઠીના મુખી મલજી મનસુખાણી, મલજી રાધા કીશનાણી, શેઠ મુળચંદ પરમાનંદાણી, શેઠ કાનજી રામુઆણી, મુખી તીલોકચંદ હંસરાજ અને મુખી કેવળ હરૂઆણીને આ શુભ ઓચ્છવમાં ભાગ લેવાને સરકાર તરફથી તેડાઆ હતા. નગરના ઠકર આંબાજી તથા માસ્તર ચતુરમલ, ગઢડાના ઠકર રાવસાહેબ રાવતસિંગજી, ચેલારના ઠકર ઝુંઝારસિંગજી, દાહલીના ઠકર નગજી અને જીલ્લાના સર્વે મુખત્યારકાર સાહેબો અને લોકલ બોર્ડના મોહોટા મશીરોને પણ આ પ્રસંગે આમંત્રણ કર્યું હતું. આ વખતને વધારે શોભાવવા સારૂં રોહડીના પીર સાહેબ પીર પાગારા સાહેબ આશરે ૪૦૦૦ માણસો, હાથી, ઘોડા વિગેરે બીજા બંદોબસ્ત સહિત ત્યાં બિરાજ્યા હતા. દરબાર વખતે આશરે ૧૦૦૦૦ માણસો ભેળા થયા હતા. ડેપ્યુટી કમીશનર સાહેબે સિંધી બોલીમાં એક મનોરંજક ભાષણ કર્યું. પછી પીર સાહેબે એ ભાષણને ટેકો આપીને મહારાણીજીના રાજ્યથી થતા સુખનું થોડું વર્ણન કર્યું. પછી ડેપ્યુટી કલેકટર કાઝી ફેઝમહમદ સાહેબે થોડું પણ અસરકારક ભાષણ કર્યું. પછી લાયક માણસોને લુગીઓનાં ઈનામ આપવામાં આવ્યાં તથા સનંદો વહેંચવામાં આવી. પછી મલ લોકોએ કુસ્તી કરવા માંડી અને બાજીઓ દેખાડી સરવેને રાજી કર્યા. સાંજના વખતે હેદ્રાબાદથી આવેલા ભગતોએ ઇશ્વરભક્તિનાં ગાયનો ગાયાં અને પછી નાયકાએ નાચ અને રાગ શરૂ કર્યા. આવી રીતે આખો દીવસ ખુશીમાં ગયો. રાત્રે આતશબાજી શરૂ થઈ તેમાં હવાઈઓ, ચાદરો, માહતાબ, બમગોલા, તારા વિગેરે બીજી બાજીઓ હતી. શેહેરમાં ઘણીજ સરસ રોશની

થઈ. જ્યાં નજર કરીયે ત્યાં ખુશી અને આનંદ સિવાય બીજું કશું દેખાતું નહોતું. સરકારી ઇમારતો, ખાનગી ઇમારતો, બાગ, બગીચા વિગેરે જ્યાં જોઇએ ત્યાં દીવા દીવા થઇ રહ્યા હતા. શેહેરના બંદોબસ્તમાં રાણાજી ભગુ-તસિંગજી, શેઠ દયારામના પુત્ર કાનજી, મુખી ભાગચંદ, ઉભરીયામલ, શેઠ જોગીદાસજી, શેઠ સરૂપચંદ, માહારાજ મેઘરાજ, મહારાજ ચતુરભુજ, રાજોજી અને અંચળોજી વિગેરે સદગ્રહસ્થોએ સારો ભાગ લીધો હતો.

બીજે દિવસે એટલે તારીખ ૧૭ મી ફેબ્રુઆરીને રોજે સવારમાં વળી મોહોટા મેદાનમાં ખુશીની રમતો શરૂ થઈ. સરતો ઘોડાની, ઊંટની, બળદની, ગધેડાની, બકરાની, કુકડાની, બીલાડાની, તીતરની વિગેરે થઈ અને સરવેને ઇનામો મળ્યાં. ક્વાયદ અને લશ્કરી કસરતો, જેમકે દોડતે ઘોડે ભાલાથી ટાંગેલી વીંટી લેવી, દોડતે ઘોડે લીંબુને કાપીને બે અરધ કરવા વિગેરે બીજી ઘણી કસરતો વખાણવા લાયક થઈ. પાછલા પોહોરે સ્કુલના છોકરાઓને દુપટા, લુગીઓ, પટકા, દુશાલા, રૂમાલ વિગેરેનાં ઇનામ મળ્યાં. પછી કુસ્તીની રમતો, રાગ, નાચ, તમાશા વિગેરે થયા અને આખર આતશબાજી અને રોશની થઇ.

ઉમરકોટમાં જુબીલીની ખુશીનો જે ઓચ્છવ થયો. તે બીલકુલ વખાણવા લાયક છે. ડાકટર પાલન સાહેબ બહાદુર, થરપારકરના ડેપ્યુટી કમીશનર સાહેબના વખતમાં આ બનાવ જીલ્લાના ઇતિહાસમાં નોંધવા લાયક થયો છે.

દરબાર વખતે ચાર કવિતાઓ ગવાઇ હતી. પેહેલી હેડમાસ્તરની બનાવેલી, બીજી કીશનદાસની, ત્રીજી ધારસીની અને ચોથી આખુંદ યારમહમદની બનાવેલી પારસી ભાષામાં હતી. આ ચારે કવિતાઓ તે પ્રસંગને શોભાવવાને માટે પસંદ કરવા લાયક હતી પણ પહેલી બે કવિતાઓ

થરપારકરની પ્રજાને વધારે પસંદ પડી તેથી તેમની નોંધ નિચે આપીછે.

હેડમાસ્તરની બનાવેલી કવિતા.

મનહર છંદ.

(હિંદુસ્તાની બોલીમાં.)

તારીફ ખુદાકી ઓર, બંદગી મોલાકી કરો,
ફઝલો કરમેં હમેં, દિન એ દિખાયોહે;
હમારી મલકા માઆઝમા કયસરે હિન્દ,
શેનશાહી મીલ આજ, નીમ સદ પાયોહે;
ખુશ.લીકે બાજે બજે, રંગ તાલ રાગ રચે,
ઘર ઘર ખુશી ભઈ, ધુમ તો મચાઈ હે;
આજ મહારાણીકી જુબીલીકી ઉજાણી દેખો,
કૈસા રંગ રાગ ભયો, જાજાજા બધાઇહે. ૧
પંચાંત ઉમર કાટ, ઓર બોત મિલી હુવે,
કોઇ રાણા કોઇ રયાણા, બાંહાદર કોઇહે;
રઇશ વડેરે સભ, મિલે દરબાર બીચ,
મુબારકો મુબારક, મુબારક હોઇહે;
સરતાજ સદસાલ, રાજ મહારાણી કરો,
દુવા દિલેં કરે હમેં, કબુલ ખુદાઇહે;
આજ મહારાણીકી જુબીલીકી ઉજાણી દેખો,
કૈસા રંગ રાગ ભયો, જાજાજા બધાઇહે. ૨
તોફ કે તડાકે વ રેફલકે ભડાકે સુનો,
કડાકે ખડાકે સભ, ખુશીકે પુકાર હે;
પ્યાદલ સવાર એ પુલીસકે હઝાર દેખો,
ઠાઠ બેશુમારસે ક્યા, સુંદર સીંગારહે;
ધાડુંકા ડુડાના ઓર, બાજેકા બજના દેખો,
કૈસા ડ્રેસ કૈસા બેસ, દીદાર દિખાઇહે;

આજ મહારાણીકી જુબીલીકી ઉજાણી દેખો,
કેસા રંગ રાગ ભયો, જાબજા બધાઇહે. ૩
લોક મિલ મિલકે તારીફ કરે તાયફેકી,
ધ્રુપદ દીપક રાગ, ભેરવી ગવાઇ હે;
જોગ વ પહાડીકી અગાડી ન પીછાડી સુની,
સાડી કેસી પેની હેગી, કંઠકી ભલાઇ હે;
દેખો ભાઈ દેખો નાચ, દેખો રંગ રાગ રૂપ,
હેજી ભલા હેજી સૈંયાં, ધુકડ બજાઇ હે;
આજ મહારાણીકી જુબીલીકી ઉજાણી દેખો,
કેસા રંગ રાગ ભયો, જાબજા બધાઇહે. ૪
મલ મિલે બોત દેખો, હેંગે કેસે ઝોર વાલે,
પે'લી મલમેં એ ગિરા, દુસરી લગાઈ હે;
દેખો એ ફતેહ પાયા, ખૂબ લુંગ્ગી એ કમાયા,
નાચે કેસા કુદે કેસા, આબરૂ બડાઈ હે;
ગિરા હુવા જો બિચારા, ચુપકીસેં જા સિધારા,
પલો લેને આયા પ્યારા, દોસ્ત ઓર ભાઇહે;
આજ મહારાણીકી જુબીલીકી ઉજાણી દેખો,
કેસા રંગ રાગ ભયો, જાબજા બધાઈ હે. ૫
આતશ બાઝીકે આગે, જાના નહી પીછે રે'ના,
દૂરસેં તમાશા અચ્છા, ખૂબ વાહ વાહી હે;
માહતાબ ઓર ઝાડ, ચાદર વ તાડ તાડ,
તારે ચડે ઉપર એ, આકાશ હવાઇ હે;
દેખો કેસી રંગા રંગ, આતશ નુમાઇ દેવે,
કેસી આજ રોનક બારૂતને લગાઈહે;
આજ મહારાણીકી જુબીલીકી ઉજાણી દેખો,
કેસા રંગ રાગ ભયો, જાબજા બધાઇહે. ૬
પીછે ફિરો કિલ્લા દેખો, બાગ વ બગીચા દેખો,
મંદર દેખો માડી દેખો દીવા દીવાઇહે;

ઘરકી દેવાર દેખો, ઘે'રકી બજાર દેખો,
દીદાર હે યાર આજ, રોશની જગાઇહે;
સરાફ પસારી ઓર, હલવાઇ હાટ બીચ,
રંગ કેસે લગા લીયે, લાલ વ હરાઇહે;
આજ મહારાણીકી જુબીલીકી ઉજાણી દેખો,
કેસા રંગ રાગ ભયો, જાબજા બધાઇહે. ૭
મુખી વ મશીર સબ, દેખો કેસે ખુશી ભરે,
દયારામ શેઠજીકી, કોઠી ક્યા બનાઈ હે:
બાગચંદ મુખી ઓર, ઉભરીયામલ ખડે,
સુનો બાતાં બંદોબસ્ત, જુબીલી લગાઈહે;
જોગીદાસજીકી જગા, દીવસે દીપાય રહી,
સરૂપાજી મેઘાજીને, મંદીર મહ્લાઇ હે;
આજ મહારાણીકી જુબીલીકી ઉજાણી દેખો,
કેસા રંગ-રાગ ભયો, જાબજા બધાઇહે. ૮
ચતુરજી ચિરાગલે, ખડે મોતી ચોક બીચ,
રાણેજી ભભુતસિંગ, નામના બડાઇહે;
રાજેજીને પંચગુલી, ઓઢણી રંગાય લીની,
મંડપ બનાય પીછે, ઉપર બીછાઇહે;
અંચળજી હાથમે હથોડી લીયે ઠોક રહે,
મેખુંસે બનાય જીયા, દીપમાળ વાહીહે;
આજ માહારાણીકી જુબીલીકી ઉજાણી દેખો,
કેસા રંગ રાગ ભયો, જાબજા બધાઇહે. ૯
છોટે છોટે છોકરે એ, સ્કુલકે ભી આનખડે,
દુઆ માહારાણીજીકી, દિલમેં સમાઇહે;
આમીન આમીન મહારાણીકી ઉમ્ર દરાઝ,
એસાઇ અવાઝ આજ, હમે બી એસાઇહે;
સભા બીચ ઉમેદલી, માસ્તરે ઉન્હોકા ખડા,
તારીફ ખુદાકી કરે, દોઆઓ સદાઈ હે;

આજ મહારાણીકી જુબીલીકી ઉજાણી દેખો,
કેસા રંગ રાગ ભયો, જાબજા બધાઇ હે. ૧૦
ખુબ બંદોબસ્ત આજ, પાલન સાહબ કીયા,
જુબીલીકી યાદગીરી, કાયમ કે'લાઇહે;
થરપારકર બીચ, જલસેકા દિન કભી,
એસા નહીં ભયા જેસા, આજ વાહ વાહી હે;
આબાદ પ્રલાહી રખે શાદ મીલે શાહી માન,
રૈયત ઉમરકોટ, રાઝી વ રઝાઇ હે;
આજ મહારાણીકી જુબીલીકી ઉજાણી દેખો,
કેસા રંગ રાગ ભયો, જાબજા બધાઇ હે. ૧૧

કીશનદાસની મારવાડી કવિતા.

દોહરા.

સારસત ગુણપત સમરિયે, સદા શામળા-સાય;
સુંઢાળો સેવો સદા, કમી ન રાખે કાંય. ૧
પાલણ આયો પ્રીતશું, અમાણેકે શહેર;
હરખ ઘણો દુનિયા બિચે, મુરલિ ધરરી મહેર. ૨

છંદ.

પાલણ પ્રીતશું આયો કે, સારો દેશ સવાયો કે;
રૈયત ખૂબહે રાજીકે, કેશર હિન્દ બિરાજીકે.
પદવી શાહનશાહ પાઇકે, કેદી બંધ છોડાઇકે;
કેસર વડીહે રાજાન, એલપર ખૂબ વરતી આન.
રાજા રાણા અન રજવાડ, હાજર હુવાહે દરબાર;
કેશર હિન્દ બીરાજેકે, સરપર મુગટહી છાજેકે.
રાણી શોભહે અપાર, સુણીયે લોક સબ નરનાર;
માથે મુગટહી સોહેકે, હીરા માણકા મોહેકે.
મોતી પના ગલમે માલ, હીરા જડીત શોભે લાલ;
ઝળહળ કરતહે ઝળકાટ, કેસર હિન્દ બેઠી પાટ.

તખત તણા એ એનાણ, સરગાં ઉતર્યાં બેમાણ;
હીરા રતન જડીયા આજ, પીરોજા અને પુખરાજ.
એસો તખતભલ સોયેકે, તખત દેખ મન મોહેકે;
રાણી ઈંદ્રરો અવતાર, પૃથ્વી સભીમેં જેકાર.
બાજા ખૂબ બજાવેકે, ઝાઝા હરખ જસ ગાવેકે;
દારૂ ઉડીઆ આકાશ, તારા લગા બાદલ તાશ.
તોફાં, નાળ, ગોળા છુટ, ભડ ભડ ઉઠે દારૂ જુટ;
મલતો અખાડે માંહીકે, કુસ્તી ખૂબ ખેલાઇકે.
તાતા તુરી કીના ત્યાર, ઉઠાં તણો અંતનપાર;
રાણી રાજ એસો હાથ, સીંહા બકરી બેઠે સાથ.
રૈયત નભોઈ કીનાકે, પૃથ્વી જીત સબ લીનાકે;
રાજા રાવ સબ માનેકે, જીસકું જગત સબ જાનેકે.
અચ્છા એન ચલાયાકે, દુનિયા દેખ સુખ પાયાકે;
ઉમરકોટ ભારી શેહર, પાલણ સાબરીહે મહેર.
પાલણ આપહી પરવીણ, સારી જુગતહી કરદીણ;
સાહેબ દેશમે આયોકે, સારો દેશ સુખ પાયોકે.
ડીપટી ફેજ મહમદ વાર, નાનક ભખસહે મુખત્યાર;
હાકમ વડાહે હુશીયાર, પરતક કરે પ્રજારી પાલ.
ઉમરકોટમેં આનંદ, ફુલાં તણી વર્ષા મંડ;
પંચા કીયો હરખ અપાર, રાણી સાહેબરી દરબાર;
સાહેબ ખુશીમે આયોકે, ઉછરંગ ખૂબ કરાયોકે.
મોહોટા કીતાબાં માંહીકે, છાપા ખૂબ છપાઇ;
મેંઆ મુસરદી સારાકે, એ સબ અરદલી વારાકે.
કીની બીજી દીવાળીકે, ભળ હકરત હે ભારી,
દીવા સંજોગે નરનાર, ઘર ઘર બંધી બંદર માલ.
મુખી મસીરાં સારાકે, હરખ્યાં બીચ પુકારાકે;
જોગીદાસ જસ ગાવેકે, બંદર માલ બનાવેકે.
સરૂપેરી સરસાઇકે, મેથે ધુમ મચાઇ કે;

રાજો છાપકુ છોડેકે, ચતુર ચોકમે દોડેકે.
અંચળ આંગણે આયોકે, ખાસો રંગ રચાયોકે;
રાગાં કરતહે રાગીકે, શોભા ઇંદ્રકી સાગી કે,
છોટે છોકરે સારે, જય રાણીરી પોકારે;
માસ્તર સાહબ ભી આયા, અચ્છા કબિત સુનાયા.
સંમત તેતાળે સાખ્યાં, ફાગણ માસહી આખ્યાં;
નામી દીનને બુધવાર, અમરકોટ મેં જેકાર.
કીશન કીરતી એ કીની, માસ્તરે મદત હે દીની;
સુધારો સાફ હે કીનો, કીશનદાસ જશ દીનો.

દોહરા.

અમ્રાણુ કે શેહેરમે, વરતા જેજેકાર;
સુખી બસે દુનિયા સકળ, પાલણ થારી બાર.
શેઠ વિપ્ર મોજાં કરે, ભગત, લહુણા, ભાટ;
સબે સનાતાં સુખ બસે, ભવે ટળ્યા ઉચાટ.
રોગ દોષ જાતો રહ્યો, આનંદ દેખિ આજ;
કિશનદાસ કીરત કહી, મુરલિધર મહારાજ.

જીલ્લાના બીજા ગામોની જુબીલી.

મનહર છંદ.

થર પ્યારી નવિસારી, રાણીજી જુબીલી તારી,
મીઠી ઇસલામકોટ, નગર ચેલારમાં;
અને વીરાવાવ વીરે, વાવટે ઉડાવી દીધાં,
છોળ અને છાછરો છે, હરખે વિચારમાં;
પેથાપુર કાસબોને, ગઢડો સંભાળી જોયો,
દીપલે દીવાળી દેખી, ખીપરો દીદારમાં;
નબીસર સામારોને, સાંધડ ઉમરકોટ,
ઉમેદલી ભલી ભાળી, જુબીલી સંસારમાં.

ઘરપાઠરૂ શિક્ષા બાબત.

દોહરો.

(પાટકી બોલીમાં)

मास्तर हुं समजो नथी, तवारीखनी वात;
बांच नवी ए चोपडी, छह पीरी पंचात.

અર્થ.

નિશાળીઓ—માસ્તર સાહેબ, હું ઇતિહાસના વાતો સમજતો નથી.

માસ્તર—આ નવી ચોપડી વાંચ અને પંચાત મુક (તો સમજશે).